Registration of News Paper No. GUJGUJ/2015/65432
Pages: 8 Price : Rs. 3/- Annual Subscription : Rs. 800/-
Posting Licence No. RAJKOT / 678 / 2021-23 VALID UP TO 31-12-2023 posted at rajkot-RMS published & posting dt.-daily (evening)
Web: www.saurashtrakranti.com Email ; saurashtrakranti@gmail.com




અમે કાઠીયાવાડી અમારી વાત કાઠીયાવાડી

# સૌરાષ્ટ્ર ક્રાંતિ

Year: 6, Issue:227 Dt.07-07-2021 (Wednesday) સાંધ્ય દૈનિક

તંત્રી, પ્રકાશક, મુદ્રક અને માલિક : ગઢવી અશોક મુળુભા, પ્રકાશન સ્થાન: 125, સ્ટાર ચેમ્બર, હરિહર ચોક, પંચનાથ પ્લોટ, રાજકોટ-360001




# અભિનયના 'મુગલ-એ-આઝમ' દિલીપકુમાર જન્નતનશીન

## પોતાના લાડલા અભિનેતાને શોકમગ્ન અંજલી આપતા ભારતવાસીઓ: રાષ્ટ્રપતિ, વડાપ્રધાન અનેક મંત્રીઓએ ઘેરૂ દુઃખ વ્યકત કર્યુ



### ૯૮ વર્ષની વયે મુંબઈની હિન્દુજા હોસ્પિટલમાં સર્વકાલીન મહાન અભિનેતાએ જીવનના રંગમંચ પરથી અલવિદા કહયું

(એજન્સી સમાચાર)

મુંબઇ, તા.૭

જે પરીવારમાં ફિલ્મો જોવાનું તો ઠીક ફિલ્મ વિશે વાત કરવાની પણ મનાઇ હોય એવા અત્યંત રૂઢીચુસ્ત પરીવારમાં જન્મ થયા બાદ સિનેમાની દુનિયામાં પોતાના અસાધારણ, અદભુત, લાજવાબ અને કરીશમાઇ અભિનયથી કોઇ ન પહોંચે એવી મહાન સિધ્ધીઓના શિખર પર પહોંચી દંત કથા બની ગયેલા ભારતીય સિનેમા જગતના સર્વકાલીન મહાન અભિનેતા 'ટ્રેઝેડી કિંગ' દિલીપકુમાર આજે આપણી વચ્ચે રહયા નથી. આજે મુંબઇની હિન્દુજા હોસ્પિટલમાં આ મહાન અભિનેતાએ ૯૮ વર્ષની વયે જીવનના રંગમંચ પરથી હંમેશ માટે અલવીદા કહી દેતા ભારતભરમાં ઘેરા શોક અને દુઃખની લાગણી પ્રસરી વળી હતી. સમગ્ર બોલીવુડ શોકાતુર બની ગયું હતું. પોતાના અદભુત, જાનદાર, કરીશમાઇ અભિનયના ઓજસ પાથરીને

### સમગ્ર બોલીવુડમાં શોકનું મોજુ, શ્રધ્ધાંજલીનો ધોધ, ભારતીય સિનેમા ઉધોગનો એક મહાન તેજસ્વી યુગ અસ્ત થયો

એક પછી એક ચડીયાતી ફિલ્મો આપનાર દિલીપ સાહેબની વિદાય સાથે ભારતીય સિનેજગતના એક ઐતિહાસીક યુગનો અંત આવ્યો હતો. દિલીપ સાહેબના નિધનથી રાષ્ટ્રપતિ રામનાથ કોવિંદ, વડાપ્રધાન નરેન્દ્ર મોદી, સરંક્ષણ મંત્રી રાજનાથસિંધ સહિતના સંખ્યાબંધ મંત્રીઓ તમામ પક્ષોના આગેવાનો અને અગ્રણીઓએ મહાન અભિનેતાને ભાવ પુર્ણ શ્રધ્ધાંજલી અર્પણ કરી હતી. બોલીવુડમાંથી શ્રધ્ધાંજલીનું ઘોડાપુર ઉમટી રહયું છે. તમામ ટોચના અને નામી, અનામી અભિનેતા તથા અભિનેત્રીઓ સદ્ગત દિલીપ સાહબના નિવાસ સ્થાન પાલીહિલ બ્રાંદ્રા પહોંચી રહયા છે. પોતાના લાડકવાયા બિરજુને ખોઇને આજે એક એક ભારતવાસી શોક મગ્ન બની ગયો છે.

(કારકીર્દી) : ૧૯૪૪માં 'જવારભાટા' ફિલ્મથી પોતાની લાંબી અને યશસ્વી કારકીર્દીનો પ્રારંભ કરનાર દિલીપ કુમારે પોતાની ૬૬ વર્ષ લાંબી ફિલ્મી અભિનય સફર દરમ્યાન અભિનયના દરેક પાસા અદભુત રીતે સ્ક્રીન પર જીંવત કર્યા હતા અને એકથી એક ચડીયાતી ફિલ્મો આપીને દેશના સૌથી શ્રેષ્ઠ અને સર્વતમ અભિનેતા તરીકે પ્રસ્થાપિત થયા હતા. સાડા છ દાયકા સુધી દિલીપ કુમારે સીલવર સ્ક્રીન પર રીતસર રાજ કર્યુ હતું. આઝાદી પહેલા અને પછીના દાયકામાં દિલીપ કુમારે પોતાની લાજવાબ અદાકારીથી ભારતીયોને તો ઘેલા કર્યા જ પણ વિદેશીઓને પણ હિન્દી ફિલ્મ જોતા કરી દીધા હતા. બોલીવુડ થી માંડીને હોલીવુડ

### દાદાસાહેબ ફાળકે એવોર્ડથી માંડીને અગણીત રાષ્ટ્રીય, આંતરાષ્ટ્રીય માનઅકરામ અને મહાન સિધ્ધીઓથી દંતકથા બન્યા દિલીપ સાહબ

સુધી પોતાના અભિનયનો સીક્કો બેસાડીને દિલીપ કુમારે ભારતીય સિનેમા જગતને સર્વતમ સફળતાની એવરેસ શીખર પર પહોંચાડી દીધુ હતું. આ રીતે ટ્રેઝેડી હોય કે રોમાન્સ કે પછી અભિનયનો અન્ય પ્રકાર દરેક પ્રકારના અભિનયમાં દિલીપ કુમારે એવું કલાત્મક અને અવીસ્મરણીય પ્રદર્શન કર્યુ જે આજે પણ ભુલી શકાય તેમ નથી. અભિનયના બેતાજ બાદશાહ દિલીપ કુમારે 'દેવદાસ', 'દિદાર' જેવી ઉત્કૃષ્ઠ કલાકૃતિમાં દર્દભર્યા અભિનયથી ટ્રેઝેડી કિંગનું બિરૂદ મેળવ્યું હતું. તેઓ ટ્રેઝેડી ભુમિકામાં એવા ઓતપ્રોત થઇ જતા હતા કે, એમની તબીયત પર અસર થવા લાગી હતી અને ડોકટરોએ એમને ચેતવણી આપી હતી એ પછી એમને 'ગંગા જમુના', 'કોહીનુર', 'રામ ઓર શ્યામ', 'લીડર' જેવી યાદગાર ફિલ્મોમાં ભવ્ય રોમેન્ટીક અને કોમેડી રોલ પણ આબાદ ભજવ્યા હતા અને અભિનયના નવા ઉતમ શીખરો સર કરી બતાવ્યા હતા. માત્ર ૨૫ વર્ષની ઉમરે જ એમની ગણના વિશ્વના શ્રેષ્ઠ પૈકીના એક અભિનેતા અને સુપરસ્ટાર તરીકે થવા લાગી હતી. એ પછી એમને 'આન' અને 'મુગલ-એ-આઝમ' જેવી ઐતિહાસીક ફિલ્મોમાં પણ શાનદાર અભિનય કરીને કરોડો લોકોના હદયમાં કદી ન વિસરાય એવું સ્થાન પ્રાપ્ત કર્યુ હતું. છ દાયકાથી વધુ લાંબી ઉત્તમ અભિનય સફર દરમ્યાન દિલીપ કુમારે અગણીત એવોર્ડ અને માન અકરામ પ્રાપ્ત કર્યા હતા અને ઐતિહાસીક સિધ્ધીઓના શીખર સર

(અનુ.પાના નં.૪ ઉપર)

# અમદાવાદમાં અષાઢી બીજની રથયાત્રાને સરકારની મંજુરી

## કોરોનાના નીતિ નિયમોના પાલન સાથે ૧૪૪મી રથયાત્રા, તડામાર તૈયારીઓ

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

ગાંધીનગર, તા.૭

છેલ્લા બે વર્ષથી કોરોનાની મહામારીને પુર્ણ કક્ષાએ નિકળી ન શકેલી અમદાવાદની વિખ્યાત ભગવાન જગન્નાથની રથયાત્રાનો માર્ગ આ વર્ષે મોકળો થઇ ગયો છે. અષાઢી બીજના દિવસે રથયાત્રા કાઢવા માટે આજે રાજય સરકારે મંજુરીની મોહર મારી દીધી હતી. આજે મળેલી કેબીનેટની કોર કમિટીની બેઠકમાં રથયાત્રાની મંજુરી તથા તૈયારીઓ અંગે સઘન ચર્ચા વિચારણા કરવામાં આવી હતી. મુખ્યમંત્રી વિજય રૂપાણીના અધ્યસ્થાને મળેલી બેઠક પુરી થયા બાદ મહત્વની જાહેરાત કરવામાં આવી હતી અને રથયાત્રાને લીલી ઝંડી આપવામાં આવી હતી. આ નિર્ણયને પગલે અમદાવાદ સહિત ગુજરાતભરના ભાવિકોમાં ખુશાલીનું મોજુ પ્રસરી વળ્યું હતું.

રથયાત્રા માટેની તમામ તૈયારીઓ પરીપુર્ણ થઇ ગઇ છે. કોરોના પ્રોટોકોલના ચુસ્ત પણે અમલ સાથે રથયાત્રા કાઢવાની સરતી મંજુરી સરકારે આપી છે. કોરોનાના તમામ નિયમોનું પાલન કરવાનું રહેશે. દર વર્ષે પરંપરા મુજબ અમદાવાદમાં અષાઢી બીજના દિવસે ભવ્ય રથયાત્રા કાઢવામાં આવે છે. કોરોનાને કારણે આ ધાર્મીક પરંપરાને બ્રેક લાગી ગઇ હતી. હવે મંજુરી મળતા



રથયાત્રાની તૈયારીઓને આખરી ઓપ આપવામાં આવી રહયો છે. અમદાવાદમાં નિકળનારી આ ૧૪૪મી રથયાત્રા હશે.

## ૧૦ મંત્રીઓના રાજીનામાં

(એજન્સી સમાચાર)

નવી દિલ્હી, તા.૭

આજે સાંજે ૬ વાગ્યે વડાપ્રધાન નરેન્દ્ર મોદી એમના મંત્રી મંડળનું વિસ્તરણ કરી રહયા છે. એ પહેલા ધડાધડ માથા પડવા લાગ્યા છે. આજે બપોરે કેન્દ્રીય શિક્ષણ મંત્રી રમેશ પોખરીયાલે રાજીનામું આપી દીધુ હતું. મોદી સંખ્યાબંધ મંત્રીઓને પડતા મુકશે અને નવા યુવા ચહેરાઓને તક આપશે એ ચિત્ર હવે સ્પષ્ટ બની રહયું છે. કુલ ૧૦ મંત્રીઓએ રાજીનામાં ધરી દીધા છે. ગુજરાત ભાજપના નેતા અને કેન્દ્રના રાજય મંત્રી પુરૂષોતમ રૂપાલાને

### પુરૂષોતમ રૂપાલાને પ્રમોશન મળશે

પ્રમોશન મળે તેવી શકયતા છે. એ જ રીતે કેન્દ્રીય નાણા રાજય મંત્રી અનુરાગ ઠાકુર તેમજ જી.કિશન રેડ્ડીને પણ કેબિનેટમાં પ્રમોશન મળે તેવી શકયતાઓ છે.

## હિઝબુલનો ટોચનો કમાન્ડર ઠાર મરાયો, કાશ્મીરમાં સલામતી દળોને મોટી સફળતા



(એજન્સી સમાચાર) જમ્મુ, તા.૭ પોલીસ મહાનિર્દેશક વિજય કુમારે જણાવ્યું હતું કે, હિઝબુલ મુજાહિદ્દીન આતંકવાદી સંગઠનનો સૌથી જૂનો અને ટોચનો કમાન્ડર મેહરાઝુદ્દીન હલવાઈ ઉર્ફે ઉબેદ હંદવારા એન્કાઉન્ટરમાં ઠાર મરાયો છે. તે અનેક આતંકવાદી ગુનામાં સામેલ હતો. આ મોટી સફળતા મળ્યાનું આઈજીપી કાશ્મીરે જાહેર કરેલ છે. હંદવારાના ક્રાલગુંદ વિસ્તારમાં પોલીસ, સેના અને સીઆરપીએફની સંયુક્ત ટીમ દ્વારા આ ઓપરેશન કરવામાં આવેલ.

## ડિઝલના ભાવમાં ૧૩ અને પેટ્રોલમાં ૧૮ પૈસાનો વધારો

(એજન્સી સમાચાર)

નવી દિલ્હી, તા.૭

સરકારી તેલ કંપનીઓ દ્વારા આજે પણ પેટ્રોલ અને ડીઝલના ભાવમાં વધારો કરવામાં આવ્યો છે. આજે ડીઝલના ભાવમાં ૧૩ થી ૧૮ પૈસા અને પેટ્રોલના ભાવમાં ૩૩ થી ૩૫ પૈસા વધારો થયો છે. આ સાથે દિલ્હીમાં પેટ્રોલનો ભાવ પણ ૧૦૦ રૂપિયાને પાર કરી ગયો છે.

આજે દિલ્હીમાં ડીઝલનો ભાવ ૮૯.૫ રૂપિયા અને પેટ્રોલનો ભાવ ૧૦૦.૨૧ રૂપિયા છે. મુંબઈમાં ડીઝલનો ભાવ ૯૭.૦૯ રૂપિયા અને પેટ્રોલનો ભાવ ૧૦૬.૨૫ છે. કોલકાતામાં ડીઝલનો ભાવ ૯૨.૫ રૂપિયા છે. અને પેટ્રોલનો ભાવ ૧૦૦.૨૩ રૂપિયા છે. ચેન્નઇમા ડીઝલનો ભાવ ૯૪.૦૬ રૂપિયા અને અને પેટ્રોલનો ભાવ ૧૦૧.૬ થયો છે.

## રશિયામાં ગુમ વિમાનનો કાટમાળ મળ્યો, તમામ ૨૮ મુસાફરોના મોત



(એજન્સી સમાચાર)

રશિયા, તા.૭

રશિયન રાજય સમાચાર એજન્સી ટાસના સમાચાર અનુસાર, વિમાન ૧૯૮૨ થી સેવામાં કાર્યરત હતું. કંપનીના ડિરેક્ટર એલેક્સી ખબરોવે ઇન્ટરફેક્સ ન્યૂઝ એજન્સીને કહ્યું કે ટેક-ઓફ કરતા પહેલા વિમાનમાં કોઈ તકનીકી ખામી ન હતી. સ્થાનિક અધિકારીઓએ કહ્યું કે આ મામલે તપાસ શરૂ કરવામાં આવી છે.


રશિયાના દૂરના પૂર્વીય ક્ષેત્રના કામચટકામાં વિમાન ગુમ થઈ

(અનુ.પાના નં.૪ ઉપર)

# નવા કેન્દ્રીય સહકાર મંત્રાલયની રચના કરતા વડાપ્રધાન મોદી

## આજે કેબીનેટનું વ્યાપક પુનઃગઠન કરશે મોદી : યુવા ચહેરાને તક

### શોષિત, પીડિત, વંચિત અને આદીવાસીઓને પ્રતિનિધિત્વ મળવાની શકયતા



(એજન્સી સમાચાર)

નવી દિલ્હી, તા.૭

વડાપ્રધાન તરીકેની બીજી મુદ્દત દરમ્યાન પહેલી વખત આજે વડાપ્રધાન નરેન્દ્ર મોદી એમના મંત્રી મંડળનું મોટા પાયે પુનઃગઠન કરવા જઇ રહયા છે. કેબીનેટની પુનઃ રચનામાં આ વખતે વડાપ્રધાન પછાત વર્ગ, અનુસુચિત જાતિ અને જનજાતિઓ તથા આદિવાસીઓને મોટા પાયે પ્રતિનિધિત્વ આપશે અને અત્યાર સુધીની સૌથી યુવા ટીમ તરીકે પોતાની કેબીનેટમાં જોરદાર ફેરફારો કરશે. તેવું દિલ્હી સ્થિતિ સુમાહિતગાર સાધનો જણાવી રહયા છે. મહિલાઓને પણ પુરતુ પ્રતિનિધિત્વ આપવામાં આવનાર છે. આજે સાંજે

### ૧૭ થી ૨૨ જેટલા નવા ચહેરાઓને સ્થાન મળવાની સંભાવના, અનેક પડતા મુકાશે

૬ વાગ્યે મોદી મંત્રી મંડળનું વિસ્તરણ અને ફેરફારોની જાહેરાત કરવામાં આવશે.

શોસીતો, પીડીતો, વંચિત અને આદીવાસી વર્ગને જ વધુમાં વધુ પ્રતિનિધિત્વ આપનાર છે. સુત્રો જણાવે છે કે, ઓછામાં ઓછા ૨૦-૨૫થી વધુ નવા ચહેરાને તક આપવામાં આવે તેવી

### સિંધીયા, સોનોવાલ, અનુપ્રિયા પટેલ, નારાયણ રાણે વગેરે દિલ્હી પહોંચી ગયા

શકયતા છે. પછાત વર્ગના જ ૨૪ મંત્રીઓ હશે તેવું માનવામાં આવે છે. નાનામાં નાની જ્ઞાતીને પણ પ્રતિનિધિત્વ મળે એ દિશામાં મોદી ગંજીપો ચીપી રહયા છે. સરેરાશ વય જોતા મોદી કેબીનેટ આઝાદી પછીની સૌથી યુવાન કેબીનેટ બની રહેશે. ગઇકાલે વડાપ્રધાને ટોચના મંત્રીઓ અને ભાજપના પ્રમુખ સાથે બેઠકો યોજી હતી અને કેબીનેટની પુનઃ રચનાને આખરી રૂપ આપ્યુ હતું. જેમનો કેબીનેટમાં સમાવેશ થવાની શકયતા છે એવા તમામ નેતાઓ અને સાંસદો ગઇકાલે જ દિલ્હી જ પહોંચી ગયા છે. આજે એટલે કે બુધવારે સાંજે ૬ વાગ્યે કેબીનેટ

(અનુ.પાના નં.૪ ઉપર)

### સહકારી જગતનું સપનું સાકાર કરવાની દિશામાં અને 'સહકાર સે સમૃધ્ધિ'નો મંત્ર સાકાર કરવા ઐતિહાસિક પગલું

(એજન્સી સમાચાર)

નવી દિલ્હી, તા.૭

કેબીનેટની પુનઃ રચના અને વ્યાપક ફેરફારોના કવાયતના એક દિવસ અગાઉ વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ એ અસાધારણ પગલુ લઇને અલગ ખાસ કેન્દ્રીય સહકાર મંત્રાલયની રચના જાહેર કરી હતી. સહકાર સે સમૃધ્ધીનો મોદી સરકારનો મંત્ર ખરા અર્થમાં સાકાર કરવા માટેની દિશામાં આ નિર્ણય ખુબ જ મહત્વનો અને ઐતિહાસીક માનવામાં આવે છે. સહકાર મંત્રાલય રચીને વડાપ્રધાને દેશમાં સહકારી ચળવળને વધુ મજબુત અને વેગવાન બનાવવાનો માર્ગ મોકળો કરી દીધો છે.

અલગ સહકાર મંત્રાલય દેશની સહકારી ચળવળ માટે અલગ વહીવટી, કાનુની અને નીતિ વિષેયક માળખુ પુરૂ પાડશે. સહકારી જગતે અલગ મંત્રાલયની રચનાને વ્યાપક આવકાર આપ્યો છે અને સપનુ સાકાર થયું છે. એવી પ્રતિક્રિયા વ્યકત કરી છે. સહકાર ભારતીએ જણાવ્યું છે કે, વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ સહકારી ક્ષેત્ર માટે જુદુ મંત્રાલય બનાવીને સહકારી જગતનું સપનુ સાકાર કર્યુ છે. આ એક ઐતિહાસીક પગલુ છે એ બદલ સમગ્ર સહકારી વિશ્વ મોદીજીનો આભાર માને છે.

સૌરાષ્ટ્ર તેમજ દક્ષીણ ગુજરાતનાં સમાચારો મેળવવા માટે આજે જ તમારા મોબાઈલમાં અમારી Sk News એપ્લિકેશન ઈન્સ્ટોલ કરો.. તેમજ સૌરાષ્ટ્ર ક્રાંતી ન્યૂઝ પેપરની વેબસાઈટ પર જઈને પણ ન્યૂઝ મેળવી શકો છો.

GET IT ON Google Play | SK NEWS | સૌરાષ્ટ્ર ક્રાંતિ NEWS

www.saurashtrakranti.com

સૌરાષ્ટ્ર ક્રાંતિ

સાંધ્ય દૈનિક

WhatsApp કરો

તમારા ન્યુઝને

'સૌરાષ્ટ્ર ક્રાંતિ'માં જર્નાલિસ્ટ બની તમે પણ ગર્વ અનુભવો

તમારી આસપાસ બનતી કોઇ પણ ઘટના,સમાચાર,સમસ્યા કે તસ્વીરોને અમારા સુધી પહોંચાડો.

કોઈપણ ઘટના કે સમાચારની વિગત

93276 28571 ઉપર Whats App કરો

email: saurashtrakranti@gmail.com

web: www.saurashtrakranti.com

# મોભો એ જ, માધ્યમ નવું

યુ ટ્યુબના માધ્યમથી સૌરાષ્ટ્ર ક્રાંતી આપશે આપની સમસ્યાને વાચા




આજે જ સૌરાષ્ટ્ર ક્રાંતીની યુ ટયુબ ચેનલને સબસ્ક્રાઈબ કરો અને સમાચાર મેળવો

SUBSCRIBE
TO OUR CHANNEL
SAURASHTRA KRANTI

@saurashtrakranti/ saurashtrakrant

SAURASHTRAKRANTI SAURASHTRAKRANTI

Web: www.saurashtrakranti.com

અમે કાઠીયાવાડી અમારી વાત કાઠીયાવાડી

સૌરાષ્ટ્ર ક્રાંતિ

સાંધ્ય દૈનિક

# ક્લાસિફાઇડ

પ્રોપર્ટી, લગ્ન, નોકરી, શૌક્ષણીક, ઔષધ,યાત્રાપ્રવાસ, ધંધાદારી, વ્યવસાયલક્ષી, વાહનબજાર

જાહેરાત માટે સંપર્ક કરો:

90333 44426




આ પેજ પર આપની જાહેરાત નજીવા દરે આપવા માટે 94097 57062 પર ફોન કરો અથવા મેસેજ કરો.

# વોર્ડનં. 7

**કોર્પોરેટરોઃ**
વર્ષાબેન પાંધી
જયશ્રીબેન ચાવડા
દેવાંગભાઈ માંકડ
નેહલભાઈ શુકલ


મો.૯૪૨૮૨ ૦૦૩૬૯ | મો.૯૧૫૭૦ ૭૩૧૩૨ | મો. ૯૮૨૪૪ ૦૭૮૩૯ | મો.૯૮૨૪૦ ૬૧૧૧૩

## સાચુ હોય તો શરમજનક! વોટર વર્કસ શાખાના ચેરમેનના વોર્ડમાંજ પાણીનો પ્રશ્ન...

# પાણી પીવા સાથે ગટરનું પાણી ભળી જવાથી અત્યંત ત્રાસ




અહેવાલઃ (પરાગ જાદીયા)
(તસવીરઃ પંકજ ડાભી)

## પ્રશ્નોની ફરિયાદ કરી તો આ અમારામાં આવતું નથી, ક્યારેક તો ફોન પણ ઉપડતા નથી: આક્રોશ


કીર્તિબેનએ જણાવ્યું હતું કે, અમારે પાણીનો પ્રશ્ન છે. પાણી ખુબ ખરાબ આવે છે. અમારા વોર્ડમાં પાણીના સમયમાં ફેરફાર કરવાની ખુબ જ જરૂર છે.


મીનાબેનએ જણાવ્યું હતું કે, કોર્પોરેટરો કોઈ અમારી સમસ્યા જોવા આવતા નથી. પાણીની લાઈન બદલી આપવા માટે કેટલીવાર રજૂઆત કરી પરંતુ કોઈ ધ્યાન આપતા નથી. ગટરની સફાઈ કરવા પણ કોઈ આવતું નથી.


ઉષાબેને જણાવ્યું હતું કે, અમારે પાણી સાવ આવતું જ નથી. જેથી પાણીની લાઈન બદલી આપો. તેમજ સફાઈ કામદારો દ્વારા વ્યવસ્થિત રીતે સફાઈ કરવામાં આવતી નથી.


ઇલાબેનએ જણાવ્યું હતું કે, અમાર વિસ્તારમાં છેલ્લા કેટલાય વર્ષથી પાણી ખુબ જ ખરાબ આવે છે. પાણીમાંથી જીવડા તેમજ કચરો પણ જોવા મળે છે. પાણીની પાઈપ લાઈન બદલી આપવામાં માટે કેટલીવાર ફરિયાદ કરી પરંતુ કોઈ યોગ્ય નિકાલ થતો નથી.


કાજલબેનએ જણાવ્યું હતું કે, અમારા વિસ્તારમાં પાણીનો પશ્ન છે. પાણી ડોળું તેમજ કચરાવાળું આવે છે સાથોસાથ પૂરતા પ્રમાણમાં પાણી મળતું નથી.


વૈશાલીબેનએ જણાવ્યું હતું, પાણીનો ખુબ જ પ્રશ્ન છે. પાણી પીવાનું આવે છે કે ગટરનું આવે છે તે ખબર જ નથી પડતી. શું આ વિસ્તાર તમારા આવે છે કે નહીં તે ખબર જ નથી પડતી. તેમજ સફાઈ પણ સરખી થતી જ નથી.

## 'સૌરાષ્ટ્ર ક્રાંતી'ની અનોખી પહેલ

"મારૂ રાજકોટ, સ્માર્ટ રાજકોટ" ઝુંબેશમાં સહભાગી થાઓ

**વોર્ડમાં સમસ્યા છે તો ફોન કરો...**

# 2450077

વોર્ડની સમસ્યા નિવારવા ઓનલાઈન ફરિયાદ કરવી જરૂરી

http://www.rmc.gov.in/rmcwebsite/complainregistration.aspx

જો ફરિયાદ કરવા છતાં તંત્ર દ્વારા પ્રશ્નોનો ઉકેલ નથી આવતો તો ફોટા સાથે વિગત વોટ્સએપ કરો

# 99784 17603

**અમે તમારી ફરિયાદ તંત્ર સુધી પહોંચાડવા મદદ કરીશું**

# વોર્ડનં. 8

**કોર્પોરેટરોઃ**
દર્શનાબેન પંડયા
પ્રીતિબેન દોશી
અશ્વિનભાઈ પાંભર
બિપીનભાઈ બેરા

## સ્થાનીક લોકોની એક જ ફરીયાદ જો કોર્પોરેટરો નિયમીત વોર્ડ રાઉન્ડ લે તો ઘણા પ્રશ્નો હલ થાય

## સેનીટેશન ચેરમેનના વોર્ડમાં જ કચરાનું કાયમી ઘર??

## વોર્ડની સમસ્યા બાબતે ચૂંટાયેલા નેતા ઉદાસીન હોવાનો નગરજનોનો વસવસો


મો.૯૪૨૬૯ ૭૩૩૬૩ | મો. ૯૮૨૪૨ ૪૮૫૮૦ | મો. ૯૬૨૪૦ ૯૬૭૩૪ | મો. ૯૮૨૫૨ ૭૨૯૮૮



**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)**

રાજકોટ, તા.૬

શહેરનાં અમૂક વોર્ડમાં રહેવાસીઓને પીવા માટે ચોખ્ખું પાણી મળતું નથી. સૌરાષ્ટ્ર ક્રાંતીની ટીમ જયારે વોર્ડ નં.૭ અને ૮ માં પહોંચી તો ત્યાંનાં લોકોએ પોતાની વ્યથા જણાવતા કહ્યું કે અમારા વોર્ડમાં પાણી ખૂબ જ ગંદુ આવે છે. સફાઈ કામદારો સમયસર આવતા નથી. પીવાના પાણીમાં ગટરનાં પાણી જેવી વાસ આવે છે. પાણી બે દિવસ રહે તો તરત જ જીવાત થઇ જાય છે. ઉપરાંત સાફ સફાઈ થઇ નથી. ગટર ભરવાના અનેક પ્રશ્નો થાય છે. ફરિયાદ કરીએ તો સફાઈ માટે આવે પરંતુ સરખી સફાઈ નથી કરાતી. જેના કારણે ફરી તે જ પ્રશ્ન ઉભો થાય છે.

પાણી ખૂબ જ ખરાબ આવવાની અનેક ફરિયાદો કરાઈ છે. પણ કોઈ જવાબ મળતો નથી વોર્ડમાં આવા અનેક પ્રશ્નો છે. તો શું કોર્પોરેટર આ બધા પ્રશ્નોથી અજાણ છે. તેને વોર્ડમાં શું ચાલી રહ્યું છે. તેનો ખ્યાલ કદાચ છે જ નહીં. એવી ચર્ચાઓ પણ થઇ રહી છે. જયારે ચૂંટણી હતી ત્યારે હાથ જોડીને મત માંગવા આવ્યા હતા. જીતી ગયા એટલે વોર્ડનાં લોકોના પ્રશ્નો પણ ભૂલી ગયા એવું પણ ચર્ચાઈ રહ્યું છે.વિવિધ વિસ્તારોનાં લોકોનો ગંદકી દૂર કરવા બાબતે એક જ સૂર હતો કે તંત્ર કચરો ગંદકી ઉપાડવામાં ભારે સુસ્ત છે. સ્થાનિક કોર્પોરેટરો ચૂંટાયેલા પ્રતિનિધિ સ્વયં જો સફાઈ તંત્ર પર અંગત ધ્યાન આપે તો જ ગંદકી સફાઈનો પ્રશ્ન હલ થઇ શકે તેમ છે. વોર્ડનાં રસ્તાઓની હાલત પણ વખાણવા લાયક નથી. ઠેર-ઠેર ગાબડાઓ અને ખાડા પડી ગયા છે. બીમાર, વૃધ્ધ કે સગર્ભા મહિલાઓને આવા રસ્તાઓ પર ચાલવું ખતરાથી ખાલી નથી. કોર્પોરેટરો જો વિસ્તારનાં રસ્તાઓ પર ઓટો રીક્ષા કે ટુ વ્હીલરમાં બેસીને ફરી તો જ સત્ય સમજાય તેવું મંતવ્ય સ્થાનિકોએ વ્યક્ત કર્યું છે. સૌરાષ્ટ્ર ક્રાંતીની ટીમ દ્વારા મહાનગર પાલિકાના વોર્ડનં.૭ અને ૮ માં જઇ લોકોના પ્રશ્નોને વાચા આપવા પ્રયાસો કર્યા હતા.

રોડ-રસ્તા, પાણી, ભુર્ગભ સહિતના પ્રશ્નોને લઇને ફરી વખત જનતાના પ્રશ્નોને સાંભળ્યા હતા. અલગ અલગ વિસ્તારના લોકોએ પોતાની સમસ્યાઓ અંગે જણાવ્યું હતું. ચૂંટાયેલા પ્રતિનિધિનાં વચનો અને વાયદાઓ હજુ તાજા છે. છતાં વોર્ડની સમસ્યા બાબતે ચૂંટાયેલા નેતા ઉદાસીન હોવાનો વસવસો નગરજનો કરી રહ્યા છે. વિસ્તારમાં પાણી ડોહળું તેમજ કચરાવાળું આવે છે તેમજ રોડ-રસ્તા વિશે વાત કરીએ તો બધી જ જગ્યા ખાડા જોવા મળે છે. અમારા પ્રશ્નોનું ક્યારે નિકાલ થશે તે અમને જ ખબર નથી.


જાગૃતિબેનએ જણાવ્યું હતું કે, અમારા વિસ્તારમાં પાણી માટે જેટલી સમયમર્યાદા રાખવામાં આવી તે પ્રમાણમાં પુરતું પાણી પણ આવતું નથી. મીટર મુકવામાં આવ્યા છે તો દર મહીને આવીને રીડીંગ કરીને જતા રહે છે તે સિવાય બીજે કાંઈ ધ્યાન આપતું જ નથી. તેમજ વ્યક્તિદીઠ જેટલું પાણી આપવું જોઈએ તેટલા પ્રમાણમાં પાણી આપાતું નથી.


કેતનભાઈએ જણાવ્યું હતું કે, અમારા વિસ્તારમાં પાણી ડોહળું તેમજ કચરાવાળું આવે છે તેમજ રોડ-રસ્તા વિશે વાત કરીએ તો બધી જ જગ્યાએ ખાડા જોવા મળે છે. અમારી આ સમસ્યાનો યોગ્ય નિકાલ આવે તો વધુ સારું ગણાવી શકાય.


પૂનમબેનએ જણાવ્યું હતું કે, માત્ર અમારા વોર્ડમાં જ નહીં પરતું જોવા જઈ તો કદાચ દરેક વોર્ડમાં ખાડા ખોદવામાં આવ્યા છે પૂરતા પ્રમાણમાં પાણી પણ મળતું નથી. લોકો નાની-મોટી ઘણી બધી સમસ્યાઓનો સમાનો કરતા હોય છે પરંતુ કોર્પોરેટરો સ્થાનિક લોકોના સંપર્કમાં આવતા જ નથી અને સમસ્યાનો કોઈ યોગ્ય નિકાલ થતો નથી.


મહેશભાઈએ જણાવ્યું હતું કે, કોર્પોરેટરો ચુંટાય ગયા પરંતુ વોર્ડમાં એક પણ વાર દેખાયા નથી. વોર્ડમાં ઘણા બધા પ્રશ્નો છે જેમ કે, પાણી-સફાઈ આ પ્રશ્નોમાં કોઈ ધ્યાન આપતું નથી. માયાણીનગર વિસ્તારમાં પાણીની ખુબ સમસ્યા છે. ત્યાં ૧૫ મિનીટ જ પાણી આપવાને બદલે અડધો કલાક પાણી કેમ આપતા નથી.


હર્ષાબેનએ જણાવ્યું હતું કે, ચુંટણી સમયે દેખાતા કોર્પોરેટરો હાલની આ કોરોના મહામારીમાં કેમ દેખાતા નથી. પાણી સમયસર આવતું નથી તેમજ રોડ પર ખાડા ખોદયા હોવાના કારણે પાણી ભરાય જાય છે. જ્યાં પૈસા વાપરવાના છે ત્યાં વાપરતા નથી, આવી મહામારીમાં ગરીબોને રાશનકીટ આપવી જોઈએ પરંતુ આપતા નથી.


પ્રિતેશભાઈએ જણાવ્યું હતું કે, રોડ પર ખાડા જ ખોદયા છે તે સમસ્યાનો કોઈ હલ થતો જ નથી. તેમજ ગટરના પાણી ખુબ ઉભરાય છે પણ તેનો કોઈ પણ પાર્ટી યોગ્ય નિકાલ કરી શકતું નથી. પાણી ખુબ જ ખરાબ આવે છે સાથોસાથ તેમાંથી જંતુ નીકળતા હોવાથી તે પાણીના નમુના ચેકિંગ માટે લઇ ગયા હતા પરંતુ તેનો કોઈ યોગ્ય નિકાલ હજુ સુધી આવ્યો જ નથી. શું કરે કંઈ ખબર જ નથી પડતી.


રાજલબેનએ જણાવ્યું હતું કે, ચુંટણી સમયે વોટ જોતા હતા એટલે બધા કોર્પોરેટરો દેખાતા હતા પરંતુ અત્યારે કોઈ દેખાતું નથી. પાણી ચોખ્ખું આવતું નથી. સાથોસાથ રોડ-રસ્તા પર સરખી સફાઈ થતી નથી. ટિપરવાન પણ સમયસર આવતી નથી. તો કોર્પોરેટરો છે ક્યાં કોઈ દેખાતું જ નથી, વોટ લેવા માટે તો બધા દેખાય છે પરંતુ અત્યારે કોઈ દેખાતું નથી.


દર્શનભાઈએ જણાવ્યું હતું કે, લક્ષ્મીનગર વિસ્તારમાં સરખી સાફ-સફાઈ થતી નથી. તેમજ મારુતિનગરમાં સ્ટ્રીટ લાઈટ કોઈકવાર જ હોય છે, જેથી રાત્રિના સમયે અકસ્માત થવાની શક્યતા રહે છે. માયાણીનગર વિસ્તારમાં જેટલા ફોર્સથી પાણી આવવું જોઈએ એટલા ફોર્સથી પાણી આવતું નથી.

# કોઠારીયાની લેન્ડ ગ્રેબિંગની ફરિયાદમાં દૂધમાં સાકર ભળી ગઈ!

## આજીડેમ પોલીસે તપાસ હાથ ધરીઃ મુખ્ય સુત્રધારને પકડવાનો બાકીઃ રાજકીય લોકોના છૂપા આર્શીવાદ?ઃ ચર્ચા

**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)**

રાજકોટ, તા.૭

કોઠારીયા ગામના સર્વે નંબર ૩૫૨ પૈકીની સાંઈબાબા સર્કલ નજીક આવેલ સરકારી જમીનમાં કેટલાક શખ્સોએ પૂર્વ આયોજિત કાવતરું રચી દબાણ કરી કારખાનાનાં સેડ તથા ઓરડીઓ બનાવી વેચી નાખી આર્થિક લાભ મેળવ્યો હોય જેના પગલે મામલતદારે આજીડેમ પોલીસમાં એન્ટી લેન્ડ ગ્રેબિંગ હેઠળ ગુનો નોંધાવતા પોલીસે તપાસ હાથ ધરી છે. ત્યારે આ કેસમાં રાજકીય લોકોના ઇશારે આ સરકારી જમીન પચાવી પાડવામાં આવ્યું હોય તેમ છતાં પોલીસે આંખ આડા કાન કરી રાજકીય લોકોને બાકાત કર્યા હોવાનો આક્ષેપ થઇ રહ્યો છે. આ અંગેની વિગત મુજબ રાજકોટ તાલુકા મામલતદાર કે.એમ.કથીરિયાએ ગઈ તા. ૧૦/૬/૨૦૨૧ નાં આજીડેમ પોલીસમાં મંથકમાં ફરિયાદ નોંધાવી છે કે રાજકોટમાં રહેતા એલ.કે.રાઠોડ, પી.કે.પટેલ, મનુ આતા તથા તપાસમાં ખુલતા શખ્સો સામે જમીનજમા નવો કાયદો એન્ટી લેન્ડ ગ્રેબિંગ હેઠળ ફરિયાદ નોંધાવી છે. મામલતદારે ફરિયાદમાં જણાવ્યા પ્રમાણે આ કામના ઉપરોક્ત આરોપીઓએ રાજકોટનાં કોઠારીયા ગામના સર્વે નંબર૩૨૫ પૈકીની સરકારી જમીન આશરે ચોરસ મીટર ૬૦૦૦ માં કુલ ૧૮ સેડ તથા બે ઓરડી તથા બે વંડા સહિતનું દબાણ કરી જેનું અલગ-અલગ વ્યક્તિઓને વેચાણ વ્યવહારો કરી બોગસ દસ્તાવેજો કિંમત જમીનનાં ઠગાઈ કરવાના હેતુથી બનાવી જેના ખરા તરીકે ઉપયોગ કરી સરકારની કિંમત જમીન પચાવી પાડીને આર્થિક લાભ મેળવી ઉપરોક્ત નોંધાઈ છે.

બનાવના પગલે આજીડેમ પોલીસે તોપાસ કરતા ફરિયાદમાં જણાવેલ આરોપી એલ .કે.રાઠોડ, પી.કે.પટેલ અને મનુ આતા નામના કોઈ વ્યક્તિ ન હોય જેથી સરકારી જમીનમાં કૌભાંડ કરનાર અંગે પોલીસે જીણવટ ભરી તપાસ કરતા રાજકોટનાં હુડકો વિસ્તારમાં રહેતો જોરૂ બસીયા નામના શખ્સે જમીન કૌભાંડ કર્યું હોવાનું તપાસમાં ખુલ્યું હતું. પોલીસે આ કેસમાં અગાઉ હિતેશ પ્રેમશી, જીગ્નેશ ગઢવી, ભરત ગાજીપરા, રાવત રામા ભેડરા, બીપીન પરમાર સહિતનાં છ શખ્સો પોલીસે ધરપકડ કરી છે. જયારે મુખ્ય સૂત્રધાર જોટુ બસીયાને પકડવાનો બાકી હોય પોલીસે તેની શોધખોળ આદરી છે.

બીજી બાજુ આ સરકારી જમીનમાં પેશકદમી રાજકીય લોકોના ઇશારે રાજકીય લોકોનાં ઇશારે જમીન કૌભાંડ આચરવામાં આવ્યું હોવાની ચર્ચા થઇ રહી છે. કોઠારીયાની લેન્ડ ગ્રેબિગની ફરિયાદમાં દૂધમાં સાકર ભળી ગઈ! તેવું લોકોમાં ચર્ચા રહ્યું છે.

## સફાઈ કર્મચારી આયોગનાં સભ્ય અંજનાબેન પવારે
# સફાઈ કર્મીઓના પ્રશ્નોનું યોગ્ય નિરાકરણ લાવવાની ખાત્રી આપી



### કોરોના કાળમાં સફાઈ કામદારોએ કરેલી કામગીરી સરાહનીયઃ અંજનાબેન

**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)**

રાજકોટ, તા.૭

કલેકટર કચેરી ખાતે યોજાયેલ બેઠકમાં સફાઈ કર્મચારી આયોગનાં સભ્ય અંજનાબેન પવારે સફાઈ કર્મચારીઓનાં પ્રશ્નોનો યોગ્ય નિરાકરણ લાવવાની ખાત્રી ઉચ્ચારી હતી. સફાઈ કર્મચારીઓને ગણવેશ તથા સફાઈ સંદર્ભનાં જરૂરી સાધનો પુરા પાડ્યા, લઘુતમ વેતન આપવા, સફાઈ કર્મચારીઓની ભરતી કરવા વગેરે બાબતો અંગેની સફાઈ કર્મીઓની રજુઆતો અંજનાબેને સાંભળી હતી. અધિકારીઓને કહ્યું હતું કે, સફાઈ કર્મચારીઓ તથા અધિકારીઓ એકબીજાનાં પુરક છે.

તેઓએ પરસ્પર સંતુલન સાધીને કામગીરી કરવી જોઈએ. અંજનાબેને મીડિયા સમક્ષ જણાવ્યું હતું કે, સફાઈ કામદારોને ન્યાય નહીં અપાવતા અધિકારીઓને નોટીસ બજાવી કાર્યવાહી કરાશે. તેવો નિર્દેશ આપ્યો હતો. ૨૦૧૬ થી એની એ જ ફરિયાદો અને ઘણા ખરા એ જ તંત્ર વાહકો છે. વર્ષોથી કોઈ આ કામદારોના પ્રશ્નો ઉકેલ લાવતા નથી. સફાઈ કર્મચારીઓને કોરોના કાળમાં માસ્ક વગેરે પણ નહીં આપીને સરકારી તંત્રએ ગંભીર લાપરવાહી દાખવી છે. આ બેઠકમાં જીલ્લા વિકાસ અધિકારી દેવ ચૌધરી, રાજકોટ ગ્રામ્યનાં પોલીસ અધિક્ષક બલરામ મીના, ના.પોલીસ અધિક્ષક મહર્ષિ રાવલ, અધિક કલેકટર કેતન ઠક્કર, ના.મ્યુ.કમિશનર આશિષકુમાર, મુખ્ય જીલ્લા આરોગ્ય અધિકારી ડો.નિલેશ શાહ, સફાઈ કર્મચારી આયોગનાં અધિકારીઓ તથા સભ્યો ઉપસ્થિત રહ્યા હતા.

## કર્ણાટકની તુંગા નદી કિનારે આવેલ
# મતૂર ગામના લોકો સંસ્કૃતમાં બોલે છે

### ૨ હજારથી વધુ વસ્તી ધરાવતા ગામમાં બાળકોથી લઈને વૃધ્ધો સંસ્કૃતમાં બોલે છે

**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)**

રાજકોટ, તા.૭

આપણે બધા જાણીએ છીએ કે સંસ્કૃત-ભાષાએ આદિકાળથી બોલાતી વિશ્વની સૌથી પ્રાચીન ભાષા છે. જે સરલ, મધુર અને કર્ણપ્રિય છે. જેનું પ્રત્યક્ષ પ્રમાણ આપણે વેદ-શાસ્ત્ર તથા ઇતિહાસમાં જોયું છે. એક સમયે સંપૂર્ણ ભારતવર્ષમા સંસ્કૃત જ બોલાતું હતુ. અને એજ જનભાષાનુ માધ્યમ રહ્યું હશે. આજના સમયમા કર્ણાટક રાજ્યના શિમોગા જિલ્લાનું માત્ર એક જ મત્તૂરૂ સંસ્કૃત ગામ છે. જે ગામ તુંગા નદીના કિનારે વસેલું છે. આશરે આ ગામની વસ્તી ૨૦૮૭ છે. જે ગામમાં દરેક જાતિના વ્યક્તિઓ વસે છે. જ્યાં બાળકથી આરંભીને ઘરના વડીલ સુધીના તમામ સભ્યો સંસ્કૃતમા બોલે છે. જોકે તેઓની રાજભાષા કન્નડ હોવા છતાં પણ વાગ વ્યવહાર તો સંસ્કૃતમા કરવામાં આવે છે. આટલું જ નહીં આ ગામના ઘણા ખરા સભ્યો શહેરમાં ડોક્ટર, એન્જિનિયર તથા પ્રોફેસરના પદ પર પોતાની સેવા આપી રહ્યા છે. જે ગૌરવની વાત છે.

શાસ્ત્રમા કહ્યું છે કે ભારતસ્ય પ્રતિષ્ઠે દ્વે સંસ્કૃતં સંસ્કૃતિસ્તથા અર્થાત્ ભારતની માન-પ્રતિષ્ઠા સંસ્કૃત અને ભારતીય સંસ્કૃતિથી જળવાઈ રહેશે. એ માટે ભારતની માન-પ્રતિષ્ઠાનુ રક્ષણ કરવું એ ફક્ત સંસ્કૃત અધ્યાપકનુ જ ઉત્તર દાયિત્વ નથી. દરેક નાગરિકનુ પહેલું કર્તવ્ય છે. અને સંસ્કૃત અતિ સરળ છે. જેવી રીતે આપણા ઘરે કોઈ અતિથિ પધારે ત્યારે આપણે તેમના સ્વાગત માટે બોલીશું. આવો! બેસો! પીવો પાણી! વાત સંભાળાવો કાઈક નવી! એ જ વાક્યો ને આપણે સરલ સંસ્કૃતમા બોલવા માટે સક્ષમ છીએ. ઉદા. સ્વાગતમ્! આગચ્છતુ! ઉપવિશતુ! જલં પિબતુ! કા વાર્તા ? વદતુ! સંસ્કૃત આટલું સરળ છે તો પછી આજ થી જ સંકલ્પ કરીએ કે યથા સંભવ સંસ્કૃત ભાષાને વાગ વ્યવહારમા લાવીએ. અને દરરોજ એક નવો સંસ્કૃત શબ્દ જાણીએ અને બીજાને જણાવીએ. જો કે જીજ્ઞાસુઓ તો પોતાના કાર્યના આરંભથી અંત સુધી લાગ્યા રહે છે. આટલું કરીશું તો એક સમયે આપણા ગામને સંસ્કૃત ગામ થતા કોઈ રોકી નહીં શકે.

**શ્રી મહર્ષિગૌતમ દવે**
**સેન્ટ્રલ સંસ્કૃત યુનિવર્સિટી શૃંગેરી**
**કર્ણાટકનાના પ્રાચ્ય ઋષિકુમાર**

# નગરપાલિકા-નગર વિકાસના કામોનો મુખ્ય આધાર ન.પા.ના મુખ્ય અધિકારીઓ છેઃ મુખ્યમંત્રી

**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)**

રાજકોટ, તા.૭ઃ ગાંધીનગર ખાતે મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીનાં અધ્યક્ષ સ્થાને નગરપાલિકાઓનાં મુખ્ય અધિકારીઓ અને ચીફ ઓફિસર્સનો એક દિવસીય વર્કશોપ યોજાયો હતો. નાગરિકો-લોકોને પોતાના કામો માટે નગરપાલિકા કચેરીએ આવવું જ ન પડે તેવી ઓનલાઈન સેવાઓ વિકસાવવા અને જ્યાં માનવી ત્યાં સુવિધા, લઘુતમ સાધનોનો મહતમ ઉપયોગ, વિવાદ નહીં સંવાદએ ત્રણ ધ્યેયમંત્ર સાથે લોકહિત નગર સુખાકારી કામો કરવાની ચીફ ઓફિસરોનો પ્રેરણા આપી હતી.(૧.૫)




# અમરેલીના ખાંભા તાલુકામાં આહિર એકતા મંચ ગુજરાતની મીટિંગ યોજાઈ



**(અમારા પ્રતિનિધિ દ્વારા)**

અમરેલી, તા.૭

અમરેલી જિલ્લાના ખાંભા તાલુકામાં આહિર એકતા મંચ ગુજરાતની મીટીંગ યોજાઇ હતી.

આ મિટિંગમાં આહીર એકતા મંચ ગુજરાત પ્રમુખ રામભાઈ મિયાત્રા, ઉપપ્રમુખ અતુલ ભાઈ આહીરએ હાજરી આપી હતી. આ મિટિંગમા ખાંભા પ્રમુખ તરીકે કથુભાઈ મોભ, ઉપપ્રમુખ દિલુભાઈ ભુકણ, શિક્ષણ સમિતિ પ્રમુખ વલકુભાઈ ભુકણ, ઈતિહાસ સમિતિ પ્રમુખ વાસુરભાઈ કામળીયા, રોજગાર સમિતિ પ્રમુખ મિતેષભાઈ સોલંકી, સમાધાન સમિતિ પ્રમુખ અમરૂભાઈ વાઘ, રેજીમેન્ટ સમિતિ પ્રમુખ જસુભાઈ બુધેલા, સોશિયલ મીડિયા સમિતિ પ્રમુખ કેતનભાઈ મેગળ, સહિતના હોદ્દેદારોની નિમણૂંક કરવામાં આવી હતી.

આ ઉપરાંત સમગ્ર આહિર સમાજના નાના મોટા કામ થાય તે ચર્ચા કરવામાં આવી હતી

૧૭૫ દિવસથી દિલ્હી જંતર મંતર ખાતે આહીર રેજીમેન્ટની માંગ અને ગૌમાતાને રાષ્ટ્રમાતા જાહેર કરવાના બે રાષ્ટ્ર હિતના મુદ્દાને ધ્યાને લઇ આહીર અર્જુનભાઈ આંબલીયા અનિશ્ચિત કાલીન ધરણા પર બેઠેલા છે અને શાંતિ પૂર્વક આંદોલન કરી રહ્યા છે તેને અનુસંધાને પણ ચર્ચા વિચારણા કરવામાં આવી હતી.

(અનુ.છેલ્લા પાનાનુ ચાલુ)

## આજીડેમ ચોકડીની બ્રિજની દિવાલ તુટવા મામલે કન્સલ્ટન્ટનાં આગોતરા જામીન મંજુર

એન.એચ.એ.આઈ. વતી બાંધકામ કરનાર સાંઈ કન્સલ્ટન્ટ કંપનીમાં એન.એચ.એ.આઈ. દ્વારા મુકવામાં આવેલ સ્વતંત્ર એકસપર્ટ કન્સલ્ટન્ટ કરણી નારાયણ માથુર રહે. જયપુર, રાજસ્થાન કે જેઓએ સમગ્ર પ્રોજેકટ અને બાંધકામ પૂર્ણ થયાનું ફાઈનલ કમ્પલીશન સર્ટીફીકેટ આપેલ હોય અને આવું સર્ટીફીકેટ આપતા પહેલા કોઈપણ પ્રકારની યોગ્ય ચકાસણી કે ડીઝાઈન ચેક કરેલ ન હોવાથી દિવાલ પડી ગયેલ હોવાનું જણાવી પોલીસ દ્વારા આરોપીની અટક કરવાની તજવીજ કરાતા આરોપી કન્સલ્ટન્ટ કે.એન.માથુરે તેમના એડવોકેટ તુષાર ગોકાણી મારફતે રાજકોટની સેશન્સ અદાલતમાં આગોતરા જામીન મેળવવા અરજી દાખલ કરેલ હતી. અરજી સુનાવણી પર આવતા તુષાર ગોકાણી દ્વારા એવી રજૂઆત કરવામાં આવેલ કે ફરીયાદીએ ફરીયાદ દાખલ કરતા અગાઉ સરકાર દ્વારા નિમાયેલ કમિટીનો રીપોર્ટ જોવામાં આવે તો સદર બનાવવાની દિવાલ તે ૮૫ કિ.મી.ના પ્રોજેકટનો એક નાનકડો ભાગ છે અને સમગ્ર પ્રોજેકટમાંથી પ્રોજેકટ બન્યાના ૧૨-૧૩ વર્ષ બાદ કુદરતના સામાન્ય ક્રમમાં થતા ઘસારા અને અપુરતા મેઈનટેનન્સને કારણે ક્ષતિગ્રસ્ત થયેલ દિવાલ પડી જવાના બનાવમાં ૧૨/૧૩ વર્ષ પહેલા કન્સલ્ટન્ટ તરીકે આપેલ અભિપ્રાય કે સર્ટીફીકેટના આધારે અરજદારને આરોપી બનાવી શકાય નહી તેમજ વર્ષો પહેલા થયેલ બાંધકામ પડી જાય અને કોઈનું મૃત્યુ થાય તો તેનાથી અરજદારે તેવી વ્યકિતઓનો મૃત્યુ નિપજાવવાનો કોઈ ઈરાદો હોય તેવું ફરીયાદીનું કથન ગેરકાયદેસર જ નહી પરંતુ હાસ્યાસ્પદ છે. તેમજ સદર હાઈવે આજની તારીખે સંપૂર્ણ પણે તમામ પ્રકારના વાહનો માટે કાર્યરત છે અને કોઈ જ અજૂગતો બનાવ બનેલ નથી જેથી આરોપીને આગોતરા જામીનનું રક્ષણ આપવા વિસ્તૃત દલીલો કરેલ હતી. બંને પક્ષકારોની દ્વારા કરાયેલ રજૂઆતોના અંતે આરોપી તરફે થયેલ દલીલો સાથે સહમતી દર્શાવી સરકાર દ્વારા નિમાયેલ કમિટી ઉચ્ચ સ્તરીય કમિટીના રીપોર્ટ મુજબ પણ દિવાલ ધસી પડવાની ઘટના માત્ર બાંધકામ જ નહી. પરંતુ ત્યારબાદ કુદરતના સામાન્યક્રમમાં થતાં ફેરફારો તેમજ અપુરતા મેઈન્ટેનન્સ વિગેરે કારણોસર દિવાલ ક્ષતિગ્રસ્ત થયેલ હોવાનું જણાવેલ હોય ત્યારે ખુદ ફરીયાદ પક્ષ પણ દિવાલ પડવાનું ચોકકસ કારણ બતાવી શકતું નથી. તેથી આરોપીના આગોતરા જામીન મંજુર કરેલ હતા.

## ખાનગી શિક્ષણ સંસ્થાઓ પ્રત્યેનો મોહ ભંગ શા માટે થયો?

અમદાવાદથી તો નવી તરાહનો પ્રવાહ શરૂ થઇ ગયો છે. ખાનગી શાળાઓમાંથી બાળકોને ઉઠાડીને વાલીઓ અમદાવાદની મ્યુ. શાળાઓમાં એડમીશન અપાવી રહયા છે. તાજેતરમાં માત્ર ૧૫ દિવસના ગાળામાં ૧૮ હજાર બાળકોએ મ્યુનિસીપલ શાળાઓમાં એડમીશન લઇ લીધુ છે અને મનમાની કરી રહેલી ખાનગી શાળાઓને લાત મારી દીધી છે. આ પ્રવાહ ગુજરાતભરમાં હવે ગતિ પકડી રહયો છે. ખાનગી શાળાઓથી મોહ ભંગ થયેલા વાલીઓ એમના બાળકોને સરકારી શાળાઓમાં મોકલી રહયા છે. અત્રે એ યાદ કરવું જરૂરી છે કે, રૂપાણી સરકારે મ્યુ. સહિતની સરકારી શાળાઓના રૂપ રંગ બદલવા સાથે શિક્ષણની ગુણવતા સુધારવાના પણ ખુબ જ નિર્ણાયક અને ક્રાંતીકારી પગલા લીધા છે. ઓછી વિદ્યાર્થી સંખ્યા ધરાવતી શાળાઓને અન્ય મોટી શાળાઓ સાથે મર્જ કરી દેવામાં આવી છે. એટલુ જ નહીં યુનીસેપ દ્વારા તૈયાર કરવામાં આવેલા વિશ્ષ્ટિ પ્રકારના અભ્યાસક્રમના પુસ્તકો પણ સરકારી શાળાના વિદ્યાર્થીઓને આપવામાં આવી રહયા છે. જેનાથી આગામી વર્ષોમાં સરકારી શાળાનું શિક્ષણનું સ્તર ખુબ જ ઉંચે જવાની સંભાવના છે અને તેમાં અભ્યાસ કરી રહેલા વિદ્યાર્થીઓને ઠોઠ નીશાળના વિદ્યાર્થી તરકેના મેરણા હવે સાંભળવા નહીં પડે. ખાનગી શાળાઓને પણ હવે સુધરવાની છેલ્લી તક છે. નહીંતર એમના એકચક્રી સાસનનો અંત નક્કી જ છે.

# ખેડૂતોને ૧૦ કલાક વીજળી આપવાના નિર્ણયને આવકારતા ભૂપત બોદર



### મુખ્યમંત્રી રૂપાણીને ખુબ-ખુબ અભિનંદન પાઠવાયા

**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)**

રાજકોટ, તા.૭

રાજકોટ જિલ્લા પંચાયતના પ્રમુખ ભુપતભાઈ બોદરે મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીના ખેડૂતોને ૮ કલાક ને બદલે ૧૦ કલાક વીજળી આપવાના નિર્ણયને વધાવતા જણાવેલ કે, ભારતએ કૃષિપ્રધાન દેશ રહ્યો છે. ત્યારે દેશના વડાપ્રધાને નરેદ્રભાઈ મોદી અને રાજ્યના મુખ્ય મંત્રી વિજયભાઇ રૂપાણી દ્વારા ખેડૂતો માટે અનેક કલ્યાણકારી યોજનાઓ અમલમાં મુકવામાં આવી છે. દેશના મહતમ લોકો ખેતી ક્ષેત્રે સંકળાયેલા છે.

હાલના સમયમાં વરસાદની ખોટ ઉભી થઇ છે. ખેડૂત પોતાના મહામુલા પાકને સિંચાઈ કરવા અને પાણી આપવાના કામોમાં લાગેલ છે. ત્યારે પાકને સિંચાઈ કરવા સરકાર દ્વારા અગાઉ ૮ કલાક વીજળી આપવામાં આવતી હતી. પરંતુ આ આઠ કલાકનો ગાળો વર્તમાન સર્ચમાં આ કપરા સંજોગોમાં એટલે કે થોડા સમયમાં વધારે જમીનમાં પાકને પિયત આપવાનું હોય ત્યારે જગતાતને કોઈપણ જાતની પરેશાની ન ભોગવવી પડે એ માટે રાજકોટના પનોતા પુત્ર એવા મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીએ જગતાતની વેદના સમજી આઠ કલાકને બદલે દશ કલાક વીજળી આપવાનો સ્તુત્ય નિર્ણય કર્યા છે.

આ નિર્ણયને વધાવી વિજયભાઈ રૂપાણીને રાજકોટ જિલ્લા પંચાયતના પ્રમુખ ભુપતભાઈ બોદરે ખુબ ખુબ અભિનંદન પાઠવ્યા હતા.

## કોળી સેનાના યુવા અધ્યક્ષ દિવ્યેશ સોલંકીના જન્મદિવસ નિમિતે
# જસદણના જંગવડમાં કોળી સેના દ્વારા નિઃશૂલ્ક રોપાનું વિતરણ



**(અમારા પ્રતિનિધિ દ્વારા)**

જંગવડ, તા.૭

જસદણ તાલુકાના જંગવડ ગામે રાજ્ય મંત્રી પરષોત્તમભાઈ સોલંકીના સુપુત્ર તેમજ કોળી સેનાનાં યુવા અધ્યક્ષ દિવ્યેશભાઈ સોલંકીના જન્મદિવસ નિમિતે ગામને હરિયાળું બનાવવા કોળી સેના દ્વારા ૧૦૦૦ રોપાનું વિતરણ કરવામાં આવ્યું.

આ કાર્યક્રમને સફળ બનાવવા માટે જંગવડ ગામનાં યુવા બિચ્છુભાઈ કોળી અને ગુંદાળા (જસ) ગામના યુવા અગ્રણી અજયભાઈ કટેશિયાએ ભારે જહેમત ઉઠાવી હતી. ઉપરાંત છાંયો આપે તેવા વૃક્ષોનાં રોપા અને ફળાવ રોપા જેવા કે સીતાફળી, જામફળી, જાંબુડા, ઉમરો, કરંજ, તુલસી, લીંબડા સહિતનાં વિવિધ રોપાનું નિઃશુલ્ક વિતરણ કરી ગામને હરિયાળુ બનાવવા નવી પહેલ કરી આ કાર્યક્રમમાં ગામના સરપંચ તેમજ તલાટી મંત્રી અને ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા.

(અનુ.પ્રથમ પાનાનુ ચાલુ)

## અભિનયના 'મુગલ-એ-આઝમ' દિલીપકુમાર જન્નતનશીન

કર્યા હતા. એમને ભારત સરકારે પદમભુષણ અને બાદમાં પદમવિભુષણ જેવા રાષ્ટ્રીય સન્માનથી વિભુષીત કર્યા હતા. ૧૯૯૩માં એમને ફિલ્મફેર લાઇફ ટાઇમ એચ્યુમેન્ટ એવોર્ડ એનાયત કરવામાં આવ્યો હતો. ૧૯૯૪માં સિનેમાનો સર્વોતમ ગણાતો દાદાસાહેબ ફાળકે એવોર્ડ આપીને દિલીપ સાહેબનું અનોખુ બહુમાન કરવામાં આવ્યું હતું. ૨૦૦૦ની સાલમાં તેઓ રાજય સભાના સાંસદ પણ બન્યા હતા. ૧૧ ડિસેમ્બર ૧૯૨૨નાં રોજ પાકિસ્તાનના પેશાવરમાં એક રૂઢીગત પઠાણ પરીવારમાં એમનો જન્મ થયો હતો. એમનું મુળ નામ મોહમ્મદ યુસુફ ખાન હતું. ૪૦ના દાયકામાં તેઓ પરીવાર સાથે મુંબઇ આવી વસ્યા હતા. એમને સહુ પ્રથમ ફિલ્મોમાં બ્રેક એ જમાનાની સુપર સ્ટાર દેવીકા રાનીએ આપ્યો હતો અને એમનું ફિલ્મી પદડાનું નામ દિલીપ કુમાર રાખ્યું હતું. ૧૯૪૪માં એમને એ પ્રથમ ફિલ્મ જવાહભાટા મળી હતી. બાદમાં એમને પાછુ વળીને જોયું ન હોતું. એકટીંગની કુદરતે આપેલી ભરપુર અને અભુતપુર્વ શકિતઓને એમને પદડા પર જીંવત કરી બતાવી હતી. અભિનયનો એક પણ પ્રકાર એવો ન હોતો જે એમને પદડા પર ભજવી બતાવ્યો ન હોય એટલે જ તેઓ દરેક યુગમાં અભિનય કારકીંદી અપનાવનાર કલાકારો માટે પ્રેરણા બની રહયા. અમિતાભ બચ્ચન હોય કે શાહરુખ ખાન દરેક કલાકારે એમની અભિનય શૈલીની નકલ કરીને સ્ટાર ડમ પ્રાપ્ત કર્યુ. દરેક અભિનેતા દિલીપ સાહેબની નકલ કરવામાં અનોખા ગૌરવની લાગણી અનુભવે છે. યાદગાર અભિનયથી સભર 'દીદાર', 'દેવદાસ', 'અંદાજ', 'આન', 'મુગલ-એ-આઝમ', 'રામ ઓર શ્યામ', 'કોહીનુર', 'ગંગા જમુના' જેવી ફિલ્મો આપીને અભિનયના એવા કામણ પાથર્યા કે એક ઇતિહાસ રચાયો. આજે એ યુગનો અંત આવ્યો છે. છેલ્લે એમને મોટી ઉંમરે આપેલી સોદાગર અને ક્રાંતી જેવી ફિલ્મો પણ સિને રસીકોના હદયમાં હજુ જીંવત છે. દિલીપ સાહેબના નિધન બાદ બોલીવુડમાંથી અને દેશભરમાંથી શ્રધ્ધાંજલીનો ધોધ વહી રહયો છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ભારે દુઃખ વ્યકત કરી જણાવ્યું હતું કે, એમના નિધનથી દેશને બહુ મોટી સાંસ્કૃતિક ખોટ પડી છે. એમના અભિનયની તેજસ્વીતા અસાધારણ હતી. એમને સિનેમા હંમેશા દંતકથા તરીકે યાદ રાખશે. સરંક્ષણ મંત્રી રાજનાથસિંધે કહયું હતું કે, સિને જગતને ન પુરાય તેવી ખોટ પડી છે. મધ્યપ્રદેશના મુખ્યમંત્રી શિવરાજસિંધે કહયું કે, એક મહાન અભિનેતા આપણે ગુમાવ્યા છે. જાણીતા ફિલ્મ સર્જક સુભાષ ધાઇએ જણાવ્યું હતું કે, આજે મારી જીદગીનો સૌથી ખરાબ દિવસ છે. કોંગ્રેસના નેતા રાહુલ ગાંધીએ જણાવ્યું હતું કે, ભારતીય સિનેમા એમનું યોગદાન હંમેશા યાદ રાખશે. અભિનેતા અક્ષયકુમારે કહયું કે, અમારા જેવા હિરો માટે તેઓ જ અસલી હિરો હતા. શકિત કપુરે દર્શાવ્યું હતું કે, એક મહાન યુગનો અંત આવ્યો છે. આ મહાન અભિનેતાને કોઇ સંનતા નથી ૧૯૬૬માં દિલીપ કુમારે એ યુગની સૌથી સુંદર અભિનેત્રી સાયરા બાનુ સાથે લગ્ન કર્યા હતા. બન્ને વચ્ચે વયનું ૨૨ વર્ષનું અંતર હતું. સાયરા બાનુએ દિલીપ સાહેબની અભુતપુર્વ સેવા કરી હતી અને અંત સમય સુધી સાથ આપ્યો હતો. આજે એમના જવાથી એક મહાન યુગ ઇતિહાસના પાનાઓ પર સોનેરી અક્ષરે અંકિત થઇ ગયો છે.

## આજે કેબીનેટનું વ્યાપક પુનઃગઠન કરશે મોદી : યુવા ચહેરાને તક

પુનઃ રચનાની જાહેરાત કરવામાં આવશે. મધ્યપ્રદેશના યુવા આગેવાન અને રાજવી જયોતિ રાદિત્ય સિંધિયા, આસામના સર્વાનંદ સોનોવાલ, મહારાષ્ટ્રના નારાયણ રાણેના નામ સૌથી વધુ આગળ દોડી રહયા છે. જેડીયુના નેતા આર.સી.પી. સિંધ અને એલજેપીના પશુપતિકુમાર પારશનો સમાવેશ પણ નિશ્ચિત માનવામાં આવે છે. એલજેપીના પ્રમુખ ચિરાગ પાશવાન સામે એમના કાકા પશુપતિનાથ પારશે બળવો કર્યો છે અને હવે કેન્દ્રીય કેબીનેટમાં સ્થાન મેળવી રહયા છે. જયારે તેની સામે ચિરાગ પાશવાને ભારે વિરોધ વ્યકત કર્યો છે. નવા ચહેરા લાવવાની સાથે સાથે મોદી સારી કામગીરી ન કરનાર અનેક મંત્રીઓને પણ પડતા મુકી દે તેવી સંભાવના છે. અનુપ્રિયા પટેલ જેવી સંખ્યાબંધ મહિલા નેતાઓનો પણ સમાવેશ થવાની શકયતા છે. ધણાના ખાતામાં પણ ફેરફારો થઇ શકે છે. વડાપ્રધાન મુળભુત રીતે પોતાની કેબીનેટમાં યુવા ચહેરાઓ અને મહિલાઓને વધુ તક આપવાના મીજાજમાં છે. કેન્દ્રમાં ભાજપ સાથે સત્તામાં ભાગીદાર સાથી પક્ષોને પણ તક મળે તેવી શકયતા છે.

## રશીયામાં ગુમ વિમાનનો કાટમાળ મળ્યો, તમામ ૨૮ મુસાફરોના મોત

ગયેલ વિમાનનો એક ભાગ ઓખોત્સ્ક બીચ પર મળી આવ્યો હતો, જ્યાં વિમાન લેન્ડ થવાનું હતું તે વિમાનમથકના રનવેથી ૫ કિલોમીટર દૂર હતું. અધિકારીઓ દ્વારા આપવામાં આવેલી માહિતી મુજબ, એન્ટોનોવ એન-૨૬ વિમાન, જે પેટ્રોપાવલોવસ્ક-કમચત્સ્કીથી પલાના શહેરમાં ૨૨ મુસાફરો અને ૬ ક્રૂ સભ્યો સાથે ઉડાન કરી રહ્યું હતું, તે લેન્ડિંગ પહેલાં રડારમાંથી ગાયબ થઈ ગયું હતું. રશિયન મીડિયા અહેવાલો અનુસાર વિમાનમાં સવાર ૨૮ લોકોમાંથી કોઈ પણ આ દુર્ઘટનામાં બચી શક્યું નથી. આ વિમાન કામચટકા એવિએશન એન્ટરપ્રાઇઝ કંપનીનું હતું.

## સૈયદ પરીવારનું ગૌરવ
# નાની વયે ફીઝીકલ ફલેકસેબ્લીટીમાં ઈન્ડિયા બૂક ઓફ રેકોર્ડમાં સ્થાન મેળવતા મુહંમદ

**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)**

જામજોધપુર, તા.૭

જામનગર જીલ્લાના જામજોધપુરના રહેવાસી સૈયદ પીર એડવોકેટ જાવેદઆઝાદ કાદરી કે જે સદામબાપુના નામથી ઓળખાય છે જે સમગ્ર સૌરાષ્ટ્રમાં બહુજ મોટો ચાહક વર્ગ ધરાવે છે, પિતા સદામબાપુના પુત્ર મુહંમદ કે જે માત્ર બે વર્ષ અને આઠ મહિનાની નાની વયે ઈન્ડિયા બૂક ઓફ રેકોર્ડસમાં સ્થાન મેળવ્યું છે. આ નાની




વયે તેમને પોતાના નામ પર, સમગ્ર ઇન્ડિયામાં રેકોર્ડ હોલ્ડ કર્યું છે.

જેમા ફીઝીકલ ફલેકસેબ્લીટીમાં સદામબાપુના પુત્ર મુહંમદએ ગૌરવ અપાવ્યું છે. તદ ઉપરાંત જેસીઆઈ રાજકોટની યુવા જે-જે વિંગ દ્વારા આયોજીત સિક્રેટ સુપરસ્ટાર એન્ડ ક્યુટ બેબી કોમ્પિટિશનમાં સતત ત્રણ વાર પ્રથમ સ્થાન મેળવી સૈયદ પરીવારની સાથે સાથે સમગ્ર હાલારને ગૌરવ અપાવ્યું છે.

# ૮ રાજ્યોમાં નવા રાજ્યપાલની નિમણૂંકને આવકારતા પાટીલ

**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)**

રાજકોટ, તા.૭

દેશમાં ૮ રાજ્યોમાં નવા રાજ્યપાલની નિમણુંક કરવામાં આવી છે. ત્યારે મધ્યપ્રદેશનાં રાજ્યપાલ તરીકે મંગુભાઈ પટેલની નિમણુંક કરવામાં આવી છે. આ નિર્ણયને પ્રદેશ ભાજપ અધ્યક્ષ સી.આર.પાટીલે આવકાર્યો અને મંગુભાઈ પટેલને શુભચ્છા પાઠવી.(૧.૧)

## વોર્ડનું માળખું જાહેર કરતા શિવલાલ પટેલ

# તમામ વોર્ડના પ્રમુખ, સંગઠન મહામંત્રી અને મહામંત્રીની નિમણૂંક

## ‘આપ’ દ્વારા વિધાનસભાની ચૂંટણીની તડામાર તૈયારી




**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)**
રાજકોટ, તા.૭

આમ આદમી પાર્ટીનાં પ્રદેશ સંગઠન મંત્રી અજીતભાઈ લોખીલ, જાહેર સંગઠન મહામંત્રી રાહુલભાઈ ભુવા અને મહામંત્રી સંજયસિંહ વાઘેલા સાથે સંકલન, વિચાર-વિમર્શ કરી શહેર અધ્યક્ષ શિવલાલભાઈ પટેલએ શહેરનાં તમામ વોર્ડનાં પ્રમુખ, સંગઠન મહામંત્રીની નિમણૂંક કરવામાં આવી છે. વોર્ડ નં.૧ માં પ્રમુખ પદે સહદેવસિંહ સરવૈયા, વોર્ડ નં.૨ માં જયદીપસિંહ જાડેજા, વોર્ડ નં.૩ માં દુર્ગેશભાઈ ઘનકાણી, વોર્ડ નં.૪ માં હાર્દિકભાઈ રાબડીયા, વોર્ડ નં.૫ માં અશોક દુધાગરા, વોર્ડ નં.૬ માં હાર્દિક જમોડ, વોર્ડ નં.૮ માં કેતન ગજ્જર, વોર્ડ નં.૯ માં આશિષ રામોલીયા, વોર્ડ નં.૧૦ માં લાલજીભાઈ ચૌહાણ, વોર્ડ નં.૧૧ માં મનોજભાઈ અઘેરા, વોર્ડ નં.૧૨ માં પીયુષ પાંભર, વોર્ડ નં.૧૩ માં દિવ્યેશ બારડ, વોર્ડ નં. ૧૪ માં કૌશિક સોરઠીયા, વોર્ડ નં.૧૫ માં વિનુભાઈ ખેરડીયા, વોર્ડ નં.૧૬ માં ધર્મેન્દ્ર ત્રિવેદી, વોર્ડ નં. ૧૭ માં વિનોદભાઈ પીપળીયા અને વોર્ડ નં.૧૮ માં રાજેન્દ્રભાઈ ડાંગરીયાની નિમણૂંક કરવામાં આવી છે.

સંગઠન મહામંત્રી તરીકે વોર્ડ નં.૨માં મૌલિકભાઈ ચૌહાણ, વોર્ડ નં.૨ માં રાજભાઈ રૂવાલા, વોર્ડ નં.૩ માં નિખીલ ચાવડા, વોર્ડ ન.૪ માં કેયુર ડોડીયા, વોર્ડ નં.૫ માં જયેશ કારીયા, વોર્ડ નં.૬ માં મેહુલ ડોડીયા, વોર્ડ નં.૭ માં કિશન ભટ્ટ, વોર્ડ નં.૮ માં પ્રિતેશ સગપરીયા, વોર્ડ નં.૯ માં વલ્લભ મશરૂ, વોર્ડ નં.૧૦ માં નિશાંત ગજેરા, વોર્ડ નં.૧૧ માં દિલીપ વોરા, વોર્ડ નં.૧૨ માં સંજય વડેરા, વોર્ડ નં.૧૩ માં નિરવ પરસાણા, વોર્ડ નં.૧૪ મિલન માંડલીયા, વોર્ડ નં.૧૫ માં પ્રકાશ ચાવડા, વોર્ડ નં.૧૬ માં ચિંતન ખુંટ, વોર્ડ નં.૧૭ માં ધર્મેન્દ્ર રામાણી અને વોર્ડ નં.૧૮ માં રાજેશ ડાંગરીયાની વરણ કરાઈ છે.

મહામંત્રી પદે વોર્ડ નં.૧ માં પ્રતાપ ગોહિલ, વોર્ડ નં.૨ માં આનંદ મકવાણા, વોર્ડ નં.૩ માં વિશાલ રાઠોડ, વોર્ડ નં.૪ માં મોહિત રંગાણી, વોર્ડ નં.૫ માં કાંતી અજાણી, વોર્ડ નં.૬ માં નરેન્દ્ર જાગાણી, વોર્ડ નં.૭ માં સિધ્ધાંત મહેતા, વોર્ડ નં.૮ માં દિપક જોષી, વોર્ડ નં.૯ માં પાર્થ રાજયગુરૂ, વોર્ડ નં.૧૦ માં પ્રવિણ વાંઝા, વોર્ડ નં.૧૧ માં રાજેશ ચુડાસમા, વોર્ડ નં.૧૨ માં વિજય સિયાણી, વોર્ડ નં.૧૩ માં પરેશ મણવર, વોર્ડ નં.૧૪ માં પ્રકાશ રાજયગુરૂ, વોર્ડ નં.૧૫ માં વિક્રમ સાકરીયા, વોર્ડ નં.૧૬ માં નૈમિષ ચૌહાણ, વોર્ડ નં.૧૭ માં જેશાભાઈ રામ અને વોર્ડ નં.૧૮ માં દિનેશ ખાટરીયાની નિમણૂંક કરી છે.

# રોટરી કલબ ઓફ રાજકોટનો ૮૪ મો ઈન્સ્ટોલેશન સમારોહ યોજાયો

## રોટરી ઈન્ટરનેશનલના પ્રેસિડેન્ટ તરીકે ભારતીય રોટે, શેખર મહેતાની નિમણૂંક



**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)**
રાજકોટ, તા.૭

રોટરી ઈન્ટરનેશલ વિશ્વની પ્રમુખ સેવાકીય સંસ્થાઓમાંની એક છે જેની વિશ્વભરના દેશોમાં રોટરી કલબ્સ આવેલી છે. રોટરી ઈન્ટરનેશનલ દ્વારા વિશ્વભરમાં રોટરી કલ્બના માધ્યમથી અનેકવિધ સેવાકીય પ્રોજેક્ટસ કરવામાં આવે છે. રોટરીના નિયમોનુસાર દર વર્ષે દરેક રોટરી કલબના પ્રેસિડેન્ટ સેક્રેટરી સહીતના બોર્ડ મેમ્બર્સની નિમણુંક કરવામાં આવે છે અને તેના સમારોહ ઈન્સ્ટોલેશન સેરેમનીથી ઓળખવામાં આવે છે.

અત્રે એ ઉલ્લેખનીય છે કે રોટરી ઈન્ટરનેશનલના પ્રેસિડેન્ટ તરીકે આ વર્ષે એક ભારતીય રોટે. શેખર મહેતાની નિમણૂંક કરવામાં આવી છે.

રાજકોટની સૌથી જૂની રોટરી કલબ ઓફ રાજકોટનો ૮૪ મોં ઈન્સ્ટોલેશન સમારોહ ગત તારીખ ૦૫ ના રોજ સરકારની ગાઈડલાઈન અનુસાર મર્યાદિત સભ્યોની હાજરીમાં યોજવામાં આવ્યો હતો. જેમાં રોટરીના ડિસ્ટ્રિક્ટ ગવર્નર રોટે. સંતોષ પ્રધાન ઈન્સ્ટોલેશન ઓફિસર તરીકે ઉપસ્થિત રહ્યા હતા અને નવા બોર્ડ મેમ્બરની રોટરીની પ્રણાલી અનુસાર ઈન્સ્ટોલેશન વિધિ સંપન્ન કરાવી હતી. તે ઉપરાંત આસી. ગવર્નર રોટે. રાજીવ મહેતા પણ આ તકે ઉપસ્થિત રહ્યા હતા. ગત વર્ષ ના સેક્રેટરી રોટે. ડો. અભિજીત ચેટર્જી દ્વારા પોતાનો સેક્રેટરીયલ રિપોર્ટ કલબના મેમ્બર્સ સમક્ષ રજુ કર્યો હતો. આ તકે નવનિયુક્ત પ્રેસિડેન્ટ રોટે. પરેશ બાબરીયા એ જણાવ્યું હતું કે, પોતે વર્ષ દરમિયાન બધા સભ્યોના સાથ અને સહકારથી વર્ષ દરમિયાન અનેક પ્રોજેક્ટસ પર કામ કરશે અને રોટરી કલ્બ ઓફ રાજકોટને આગળ લઈ જશે. રોટે. પરેશ બાબરીયાની સાથે સેક્રેટરી તરીકે રોટે. નિખિલ ઉચાટ તેમજ અન્ય બોર્ડ મેમ્બર્સની વરણી પણ કરવામાં આવી હતી. ઉપરાંત રોટરી કલબ ઓફ રાજકોટ દ્વારા ૩ નવા મેમ્બર્સને પણ આવકારવામાં આવ્યા હતા. સમગ્ર કાર્યક્રમ દરમિયાન રાજકોટની વિવિધ રોટરી કલબના પ્રેસિડેન્ટ, સેક્રેટરી ઉપરાંત અન્ય આસી. ગર્વનર્સ પણ ખાસ ઉપસ્થિત રહ્યા હતા. સમગ્ર કાર્યક્રમનું સંચાલન રોટે. મારિયા ભારમલ દ્વારા કરવામાં આવેલ.

# વોર્ડ નં.૯માં કોમ્યુનિટી હોલની સ્થળ મુલાકાત લેતા પદાધિકારીઓ

## નાના–મોટા સુધારા માટે પદાધિકારીઓએ અધિકારીઓને સુચના આપી



**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)**
રાજકોટ, તા.૭

રાજકોટ મહાનગરપાલિકા દ્વારા જુદા જુદા વિસ્તારોમાં વિકાસના કામો ચાલી રહેલ છે. આ વિકાસકામો સમય મર્યાદામાં કામ પૂર્ણ થાય અને પ્રોગ્રેસ રીપોર્ટની જાણકારી મળી રહે તે માટે સ્થળ મુલાકાત લેવામાં આવે છે. જે અનુસંધાને આજે વોર્ડ નં.૯માં પેરેડાઈઝ હોલ પાસે, ગોપાલ ચોક નજીક, રૈયા રોડ પાસે રૂ.૮.૫૧ કરોડના ખર્ચે નિર્માણ પામી રહેલ અદ્યતન કોમ્યુનિટી હોલની સ્થળ મુલાકાતે મેયર ડો.પ્રદિપ ડવ, રાજકોટ શહેર ભાજપ પ્રમુખ કમલેશભાઈ મીરાણી, ડે.મેયર ડો.દર્શિતાબેન શાહ, સ્ટેન્ડિંગ કમિટી ચેરમેન પુષ્કરભાઇ પટેલ, શાસક પક્ષ નેતા વિનુભાઈ ઘવા, શાસક પક્ષ દંડક સુરેન્દ્રસિંહ વાળા, રાજકોટ શહેર ભાજપ ઉપપ્રમુખ વિક્રમભાઈ પુજારા, રાજકોટ શહેર ભાજપ મંત્રી રક્ષાબેન વાયડા, વોર્ડ નં.૯ કોર્પોરેટર દક્ષાબેન વસાણી, જીતુભાઈ કોટડીયા, વોર્ડ નં.૯ પ્રમુખ પ્રદિપભાઈ નિર્મળ, વોર્ડ નં.૯ મહામંત્રી હિરેનભાઈ સાપરીયા, વિરેન્દ્રભાઈ ભટ્ટ, શિક્ષણ સમિતિના સભ્ય જાગૃતિબેન ભાણવડીયા, સિટી એન્જીનીયર ગોહિલ વિગેરે ઉપસ્થિત રહેલ. ગ્રાઉન્ડ ફ્લોરમાં ૧૪૪૦.૦૦ ચોરસ મીટરમાં વિશાળ પાર્કીંગની સુવિધાનો સમાવેશ કરવામાં આવેલ છે. ફર્સ્ટ ફ્લોર તથા સેકન્ડ ફ્લોરમાં અંદાજીત ૭૦૦-૭૦૦ લોકોની ક્ષમતા ધરાવતો કોમ્યુનિટી હોલ જેમાં વર-વધુ માટે એટેચ ટોયલેટ સાથે અલગ-અલગ રૂમની વ્યવસ્થા તેમજ ડાઈનીંગ હોલ, સ્ટોર અને વોશિંગની સુવિધા રાખવામાં આવેલ છે. એનર્જી ઇન્ફીસીયન્સી માટે એલ.ઈ.ડી. લાઈટસ, સંપૂર્ણ હવા-ઉજાશ મળી રહે, તે મુજબનું સુવ્યવસ્થિત આયોજન એક હોલ સેન્ટ્રલી એરકન્ડીશન (એ.સી.) મોર્ડન એલીવેશન ડીઝલ જનરેટરની વ્યવસ્થા પેસેન્જર લીફ્ટ ૨-નંગ તથા કિચન માટે સર્વિસ લીફ્ટ-૧ નંગ બલ પ્લમ્બીંગ સિસ્ટમ ફાયર સેફ્ટી સિસ્ટમ સદરહુ કોમ્યુનિટી હોલ જુલાઈ-૨૦૨૧ના અંતમાં પૂર્ણ થઇ જશે. નાના મોટા સુધારા માટે પદાધિકારીઓએ સંબંધિત અધિકારીઓને સુચના આપેલ છે.

# પમ્પિંગ સ્ટેશનો, ડો.બાબાસાહેબ આંબેડકર સ્મારક અને લાઈબ્રેરીની મુલાકાત લેતા મ્યુ.કમિશનર




**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)**
રાજકોટ, તા.૭

મ્યુ.કમિશનર અમિત અરોરાએ ગત તા.૫ ના રોજ વરિષ્ઠ અધિકારીઓને સાથે રાખી જ્યુબિલી ગાર્ડન અને જિલ્લા ગાર્ડન સ્થિત વોટર પમ્પિંગ સ્ટેશનો અને ડો. બાબાસાહેબ આંબેડકર સ્મારક અને લાઈબ્રેરીની મુલાકાત કરી હતી.

મ્યુનિ. કમિશનરએ પમ્પિંગ સ્ટેશનોની ક્ષમતા કેટલી છે અને કયા કયા વોર્ડમાં પીવાનું પાણી વિતરણ કરવામાં આવે છે. જિલ્લા ગાર્ડન સ્થિત ડો.બાબાસાહેબ આંબેડકર સ્મારક અને લાઈબ્રેરીની મુલાકાત લઈ વિસ્તૃત વિગતો મેળવી હતી.

આ સ્થળ મુલાકાત દરમ્યાન મ્યુનિ. કમિશનર અમિત અરોરાની સાથે એડિશનલ સીટી એન્જી. એમ. આર. કામલિયા, સિટી એન્જિનિયર અલ્પના મિત્રા, પી.એ.(ટેક) ટુ કમિશનર રસિક રૈયાણી, ડેપ્યુટી એન્જિનિયરો કે. પી. દેથરીયા, સુતરીયા, ખખ્ખર, લાઈબ્રેરીયન એન. એમ આરદેસણા, આસિસ્ટન્ટ લાઈબ્રેરિયન દેત્રોજા વગેરે ઉપસ્થિત રહયા હતાં.

### યુવા ભાજપ દ્વારા આવતીકાલે
## પ્રદેશ યુવા ભાજપ પ્રમુખ કોરાટનું કરાશે સ્વાગત



**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)**
રાજકોટ, તા.૭

મેયર અને શહેર યુવા ભાજપ અગ્રણી ડો. પ્રદીપ ડવ, પૃથ્વિરાજસિંહ વાળા, પરેશ પીપળીયા તથા શહેર યુવા ભાજપ મહામંત્રી કિશન ટીલવાની એક સંયુક્ત અખબારી યાદીમાં જણાવાયુ છે કે આવતી કાલે પ્રદેશ યુવા ભાજપ પ્રમુખ પ્રશાંત કોરાટનું શહેર ભાજપ પ્રમુખ કમલેશ મિરાણીનાં માર્ગદર્શન હેઠળ શહેર યુવા ભાજપ દ્વારા આવતીકાલે તા.૮ ને ગુરૂવારનાં રોજ સવારે ૧૧ કલાકે ગ્રીન લેન્ડ ચોકડી ખાતે તેમજ બપોરે ૧૨ ગોંડલ રોડ ચોકડી ખાતે ભવ્ય સ્વાગત કરવામાં આવશે . જેમાં શહેર યુવા ભાજપનાં તમામ શ્રેણીનાં કાર્યકર્તાઓ બહોળી સંખ્યામાં જોડાશે.(૧.૭)

# ધોરણ ૧ થી ૮ ના વિદ્યાર્થીઓને પાઠ્ય પુસ્તક ઓન ધ સ્પોટ આપવા માંગ

### સી.વાય.એસ.એસ જીલ્લા શિક્ષણ અધિકારીને આવેદન આપી રજૂઆત



**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)**
રાજકોટ, તા.૭

પ્રાથમિક શિક્ષણ, ધોરણ ૧ થી ૮ નાં વિદ્યાર્થીઓનું શૈક્ષણિક કાર્ય ૩ જૂનથી શરૂ થયેલ હોવા છતાં પૂરતા પ્રમાણમાં પાઠ્યપુસ્તક મળતા નથી. જેને લીધે વિદ્યાર્થીઓને ખૂબ મુશ્કેલી થાય છે. બધા જ વિદ્યાર્થીઓને સત્વરે પાઠ્યપુસ્તક મળી રહે તે માટે આમ આદમી પાર્ટી, રાજકોટ શહેર સી.વાય.એસ.એસ.નાં વિદ્યાર્થીઓ દ્વારા જીલ્લા શિક્ષણ કચેરી ખાતે જીલ્લા શિક્ષણ અધિકારીને રજૂઆત કરવામાં આવી સુરજ બગડા, ઉત્સવ પટેલ, હરપાલસિંહ વાઘેલા, ઉત્સવ કોરાટ, સંજય બગડા, દીપ દોંગા, સંકેત ઝડકીયા, દિપ સાંઘાણી, જય સોજીત્રા, હર્ષ ધામી, પ્રશાંત શુક્લા, નિશિતભાઈ, વિશાલ રાઠોડ, સ્મિત વાડોદરીયા, હાર્દિક ઝાલા વગેરે બહોળી સંખ્યામાં હાજર રહ્યા હતા.

### શહેર ભાજપ દ્વારા આજે અને આવતીકાલે
# શહેરના વિવિધ વોર્ડમાં પ્રથમ કારોબારી યોજાશેઃ મિરાણી

### આજે વોર્ડ નં.૧ થી ૯ તેમજ આવતીકાલે વોર્ડ નં.૧૦ થી ૧૮માં કારોબારી બેઠક યોજાશે, આગેવાનો માર્ગદર્શન આપશે



**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)**
રાજકોટ, તા.૭

શહેર ભાજપ પ્રમુખ કમલેશ મિરાણી, મહામંત્રી જીતુ કોઠારી, કિશોર રાઠોડ, નરેન્દ્રસિંહ ઠાકુરની એક સંયુક્ત અખબારી યાદીમાં જણાવાયું છે કે શહેરના ૧ થી ૧૮ વોર્ડમાં ભાજપ દ્વારા પ્રથમ કારોબારી બેઠકનું આયોજન કરવામાં આવે છે.

તે અંતર્ગત આજે વોર્ડ નં.૧ માં રંભાની વાડી, વોર્ડ નં.૨ માં સેન્ટગાર્ગી સ્કુલ, વોર્ડ નં.૩ માં જ્ઞાનદીપ વિદ્યાલય, વોર્ડ નં.૪ માં વિવાહ પાર્ટી પ્લોટ, વોર્ડ નં.૫ માં સરસ્વતી વિદ્યા મંદિર, વોર્ડ નં.૬ માં ગોકુલ સ્કુલ, વોર્ડ નં.૭ માં નગર બોર્ડીંગ, વોર્ડ નં.૮ માં હરિહર હોલ, તેમજ આવતીકાલે વોર્ડ નં.૯ માં તુલસીબાગ, વોર્ડ નં.૧૦ માં પારસ હોલ, વોર્ડ નં.૧૧ માં જયોતિ કોમ્પ્લેક્ષ, વોર્ડ નં.૧૨ માં ઉદગમ સ્કુલ, વોર્ડ નં.૧૩ માં સોમનાથ હોલ. વોર્ડ નં.૧૪ માં દરજી જ્ઞાતિની વાડી, વોર્ડ નં. ૧૫ ચુનારાવાડ ચોક, વોર્ડ નં. ૧૬ માં પ્રમોદબેન કોટેચા સ્કુલ ખાતે કારોબારી બેઠક યોજાશે. જેમાં શહેર ભાજપના અગ્રણીઓ ઉપસ્થિત રહી માર્ગદર્શન આપશે. આમ, અંતમાં કમલેશ મિરાણી, જીતુ કોઠારી, કિશોર રાઠોડ, નરેન્દ્રસિંહ ઠાકુરે જણાવ્યું હતું.(૧.૬)

# શહેર ભાજપ દ્વારા શહેરના વિવિધ વોર્ડમાં સફાઈ ઝુંબેશના કાર્યક્રમ યોજાયા



**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)**
રાજકોટ, તા.૭

પ્રદેશ ભાજપની યોજના અનુસાર ડો.શ્યામાપ્રસાદ મુખરજીનાં બલિદાન દિવસથી ડો.શ્યામાપ્રસાદ મુખરજીની જન્મ જયંતિ સુધી સેવા સપ્તાહ ઉજવણી અંતર્ગત વિવિધ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવેલ તે અંતર્ગત શહેર ભાજપ પ્રમુખ કમલેશ મિરાણીના માર્ગદર્શન હેઠળ શહેરના તમામ વોર્ડમાં સફાઈ ઝુંબેશના કાર્યક્રમો યોજાયા હતા. ૧ થી ૧૮ વોર્ડમાં ભાજપ આગેવાનો શહેર ભાજપ મહામંત્રી જીતુ કોઠારી, કિશોર રાઠોડ, નરેન્દ્રસિંહ ઠાકુર, જીતુભાઈ મહેતા, ડો.જૈમનભાઈ ઉપાધ્યાય, પુષ્કર પટેલ, પરેશ હુંબલ, અનીલભાઈ પારેખ સહિતના આગેવાનો ઉપસ્થિત રહયા હતા.

જેમાં વોર્ડ નં. ૨ માં મનુભાઈ વઘાસીયા, રાજેન્દ્રસિંહ ગોહિલ, દશરથભાઈ વાળા, ભાવેશભાઈ ટોયટા, મનીશ રાડીયા, જયમીન ઠાકર, દર્શિતાબેન શાહ, મીનાબા જાડેજા, લલીતભાઈ વડેરીયા, ધર્મેન્દ્ર મિરાણી, વૈર્ય પારેખ, ગૌતમ વાળા, દીપાબેન કાચા, લીલાબા જાડેજા, જસુમતીબેન વસાણી, માધવીબેન ઉપાધ્યાય, જયસુખભાઈ પરમાર, વોર્ડ નં. ૭ માં પ્રતાપભાઈ વોરા, રમેશભાઈ દોમડીયા, અનીલ લીબડ, રાજુ મુંધવા, જયશ્રીબેન ચાવડા, વર્ષાબેન પાંધી, જે.પી. ધામેચા, રમેશભાઈ પંડયા, દિનેશ સોલંકી, પ્રવિણ ચાવડા, કિરીટ પાંધી, કિરીટ ગોહેલ, વિજય ચાવડા, કાળુભાઈ ઓડ , વોર્ડ નં. ૪ માં અશોકભાઈ લુણાગરીયા, દિનેશ ચૌહાણ, કાનાભાઈ ઉધરેજા, કાળુભાઈ કુગશીયા, પરેશભાઈ પીપળીયા, કંકુબેન ઉધરેજા , નયનાબેન પેઢડીયા, દિલીપ બોરીચા, વોર્ડ નં. ૯ માં વિક્રમ પુજારા, પ્રદીપ નિર્મળ, વિરેન્દ્ર ભટ્ટ, હિરેન સાપરીયા, જીતુભાઈ કાટોડીયા, દક્ષાબેન વસાણી, આશાબેન ઉપાધ્યાય, રૂપાબેન શીલુ, કુલદિપસિંહ જાડેજા, જાગૃતિબેન ભાણવડીયા, વોર્ડ નં ૧૩ માં પ્રફુલ કાથરોટીયા, કેતન વાછાણી, ભરત સનસેટા, નિતીન રામાણી, સુરેન્દ્રસિંહ વાળા, જયાબેન ડાંગર, સોનલબેન સેલારા, યોગેશ ભુવા, નારણભાઈ બોળિયા, સંદીપ અંબાસણા, જય બોરીચા, રસિક પટેલ, વોર્ડ નં . ૧૦ માં પ્રવિણભાઈ મારૂ , રજનીભાઈ ગોલ, હરેશ કાનાણી, ચેતન સુરેજા, રાજેશ્રીબેન ડોડીયા, સંગીતાબેન છાયા, વ્યોમ વ્યાસ, અશ્વિન ભોરણીયા, જયસુખ બારોટ, હેમાંગ માંકડીયા, હેમંતસિંહ ડોડીયા, મયુરીબેન ભાલાળા, ડો . આશિષ મકવાણા, મનીષ ડેડકીયા, ભરતસિંહ જાડેજા સહિતનાં સાથે તમામ વોર્ડનાં ભાજપનાં કાર્યકર્તાઓ બહોળી સંખ્યામાં ઉપસ્થિત રહયા હતા.(૧૮)

# નિકાસ એટલે વિકાસ

ભારત દેશની નિકાસ છેલ્લા ૬ મહિનામાં ગયા વર્ષની સરખામણીએ ૬૧ ટકાથી વધી ગઈ છે. જે એક ચમત્કારથી કમ નથી. દુનિયાભરમાં માલ અને સેવાની માંગ વધી ગઈ છે. એક અહેવાલ પ્રમાણે આ વર્ષ માં ૨૦૧૯ ની સરખામણી માં ૧૦ ટકા થી વધી જશે.

આ માંગ નીકળવાનું એક મોટું કારણ એ છે કે યુરોપ અને અમેરિકા પોતાના દેશમાં મોટું આર્થિક સહાયતાનું પેકેજ જાહેર કરીને અમલમાં મૂક્યું જેનાથી લોકો આગળ ખાતામાં રૂપિયા આવ્યા અને બીજું કારણ જે લોકો એ રૂપિયા બચાવ્યા હતા એ લોકો ખર્ચો કરવા નીકળ્યા.



(C.A.)
**(ઉમેશ ગોસર-મુંબઈ)**

ભારત દેશના સૌથી મોટા **trading partner** દેશો છે એટલે અમેરિકા યુરોપ ચાઇના આ બધા દેશો એ પોતાની માલ અને સેવા માંગમાં આ વર્ષે ૧૦ ટકાનો વધારો જાહેર કર્યો છે.

ભારત દેશ માટે આ એક મોટી સુવર્ણ તક છે જેના થકી દેશનો વિકાસ અને નિકાસ બને વધી શકે છે .

આ વર્ષે જે નિકાસ વધી છે એમાં મોટો ફાળો **petroleum products** નો છે. પણ જે **labour intensive industry** છે જેવી રીતે ગારમેન્ટ, **dairy, leather** એમાં નિકાસ વધી નથી.

રૂપિયાનું નબળું પડવું નિકાસ માટે લાભદાયક છે પણ એની સાથે **labour intensive sector** માં નિકાસ વધવી એ કામ અને કામદાર વર્ગ માટે ખુબજ જરૂરી છે જેનાથી રોજગારી વધે અને એને લીધે માંગ પણ.

આ કરવા માટે **Infrastrcutre** માં સુધારા જમીન અને કામગારને લગતા કાયદામાં સુધારા અને એનો અમલ ખુબજ જરૂરી જે. આના થકી આપણા દેશમાં બનતા માલની લાગત ઓછી થશે જેને લીધે આંતરરાષ્ટ્રીય બજારમાં આપણી નિકાસ વધી જશે.

મહામારીના સમયમાં દુનિયાભરના દેશો ચાઇના ઉપર નિર્ભરતા ઘટાડી રહ્યા છે એને લીધે આપણને નિકાસ વધારવાની એક મોટી તક મળી છે.

હવે આ તકનો ફાયદો લેશું કે નહીં એ તો આવનારો સમય કહેશે.

પાછા મળશું આવતે અડવાડિયે ત્યાં સુધી જે જે

**ઉમેશ ગોસર**

# ગાંધીનગરમાં મુખ્યમંત્રી સાથે મુલાકાત કરતા યુગાન્ડાના હાઈ કમિશનર ગ્રેસ એકેલો

**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)** ગાંધીનગર, તા.૭: યુગાન્ડાના હાઈ કમિશનર ગ્રેસ એકેલોએ ગાંધીનગરમાં મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણી સાથે સૌજન્ય મુલાકાત કરી હતી. ગુજરાત સાથે એમ.એસ.એમ.ઇ. સેક્ટરની સહભાગિતા અને યુગાન્ડામાં એમ.એસ.એમ.ઇ. સેક્ટરમાં રહેલી તકો વિશે ચર્ચા પરામર્શ કર્યા હતા. યુગાન્ડાના હાઈ કમિશનર ડેલીગેશન સાથે ગુજરાત પ્રદેશ યુવા ભાજપના મંત્રી જયભાઈ શાહ ઉપસ્થિત રહ્યા હતા.

# સ્માર્ટ કાર્ડ મેળવવા ઈ-નિર્માણ પોર્ટલ પર ઓનલાઈન રજીસ્ટ્રેશન શરૂ

## બાંધકામ શ્રમિકો માટે રાજ્ય સરકારની વિવિધ સહાયક યોજનાઓનો લાભ મેળવવા સ્માર્ટકાર્ડ જરૂરી

**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)**

રાજકોટ, તા.૭

રાજયભરમાં બાંધકામ ક્ષેત્રે કાર્યરત શ્રમિક વર્ગના લોકોનો ઉત્કર્ષ માટે રાજય સરકાર દ્વારા ધી બિલ્ડિંગ એન્ડ અધર કન્સ્ટ્રકશન વર્કર્સ એક્ટ, ૧૯૯૬ની કલમ ૧૮ હેઠળ ગુજરાત મકાન અને અન્ય બાંધકામ શ્રમયોગી કલ્યાણ બોર્ડની રચના કરવામાં આવી છે. આ બોર્ડ દ્વારા અનેક યોજનાઓ બાંધકામ શ્રમિકોના કલ્યાણ અને આર્થીક ઉત્થાન માટે શ્રમિક અન્નપુર્ણા યોજના, શિક્ષણ સહાય યોજના, પ્રસુતિ સહાય યોજના, શ્રમિક પરિવહન યોજના, ધન્વંતરી આરોગ્ય રથ યોજના જેવી વિવિધ યોજનાઓ અમલી બનાવાયેલ છે. આ તમામ યોજનાઓનો લાભ મેળવવા માટે બાંધકામ શ્રમિક તરીકેની નોંધણી કરાવવી જરૂરી છે.

બાંધકામ શ્રમિક સરળતાથી નોંધણી કરાવી શકે તે માટે મુખ્યમંત્રી વિજયભાઇ રૂપાણીના હસ્તે ગત તા. ૮ મી જુનના રોજ ઇ-નિર્માણ પોર્ટલનો પ્રારંભ કરાયો હતો. ગુજરાત રાજ્યમાં મકાન અને અન્ય બાંધકામ શ્રમયોગી ઇ-નિર્માણ પોર્ટલ (https://enirmanbocw.gujarat.gov.in) અને ગુગલ પ્લે સ્ટોર પરના ઇ-નિર્માણ એપ દ્વારા જાતે નોંધણી કરી શકે છે. આ ઉપરાંત જીલ્લાના કોઈ પણ કોમન સર્વિસ સેન્ટર પર જઈને નોંધણી કરાવી શકે છે.

૧૮ થી ૬૦ વર્ષની વય માર્યાદા ધરાવતા અને છેલ્લા ૧૨ મહિનામાં ૯૦ દિવસથી ઓછુ ન હોય તેટલા સમય માટે મકાન અને અન્ય બાંધકામ ક્ષેત્રે કાર્યરત હોય તેવા પાત્રતા ધરાવતા બાંધકામ શ્રમિકો કામગીરીના પુરાવા સાથે આધાર કાર્ડ અને અન્ય જરૂરી દસ્તાવેજોમાં રેશન કાર્ડ અને બેંકની વિગતો, ઓળખના સરકારી દસ્તાવેજો સાથે બાંધકામ શ્રમિક તરીકેની નોંધણી બોર્ડમાં ઇ-નિર્માણ પોર્ટલ પર ઓનલાઇન કરાવી શકે છે. આ માટે જિલ્લામાં કાર્યરત એવા નજીકના કોમન સર્વિસ સેન્ટર પરથી પણ નોંધણી કરાવી શકાશે.

વધુમાં જે બાંધકામ શ્રમિક તરીકે પહેલાથી બોર્ડમાં નોધાયેલ છે તેવા નોંધાયેલા બાંધકામ શ્રમિકોની વિગતો જેમ કે આધાર કાર્ડ, રેશન કાર્ડ, બેંક ખાતાની માહિતી તથા મોબાઈલ નંબર અધુરી તથા ખુટતી હોવાથી જે-તે જિલ્લાના નજીકના CSC સેન્ટર પર જઈ તથા ગુજરાત મકાન અને અન્ય બાંધકામ શ્રમયોગી કલ્યાણ બોર્ડની કચેરી ખાતે જઈ તમામ સાધનિક ડોક્યુમેન્ટ સાથે રાખી મોબાઈલ નંબર વેરીફાઈ કરાવીને બાંધકામ શ્રમિક તરીકેનું સ્માર્ટકાર્ડ મેળવી લેવા બાંધકામ શ્રમિકોને બાંધકામ શ્રમિક કલ્યાણ બોર્ડની કચેરી, રાજકોટના જિલ્લા નિરીક્ષક એમ.ડી.કકકડની યાદીમાં જણાવાયું છે.

# પદ્મ વિભૂષણ, પદ્મ ભૂષણ અને પદ્મશ્રી એવોર્ડ માટે અરજી શરૂ

## કલા સાહિત્ય સહિતનાં ક્ષેત્રોમાં ઉત્કૃષ્ટ ઉપલબ્ધીઓ મેળવનાર અરજી કરી શકશે

**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)** રાજકોટ, તા.૭: ભારત સરકાર દ્વારા દેશના ઉચ્ચતમ એવોર્ડ એવા પદ્મ વિભૂષણ, પદ્મ ભૂષણ, અને પદ્મશ્રી એવોર્ડ માટે અરજીઓ મંગાવવામાં આવી છે. જેમણે કલા, સાહિત્ય, શિક્ષા, રમત-ગમત, ચિકિત્સા, સામાજિક કાર્ય, વિજ્ઞાન અને એન્જિનિયરીંગમાં ઉત્કૃષ્ટ ઉપલબ્ધિઓ મેળવી હોય તેવા વ્યક્તિઓ https://padmaawards.gov.in પોર્ટલ ઉપર જઇ ઓનલાઇન અરજી કરી શકશે. આ અરજીની હાર્ડ કોપી સિનિયર કોચ, જિલ્લા રમત ગમત પ્રશિક્ષણ કેન્દ્ર, ૭/૩, બહુમાળી ભવન, રેસકોર્ષ, રાજકોટ, ઇમેલ seniorcoach.rajkotgmail.com ની કચેરીમાં આગામી તા.૯ સુધી જમા કરાવવાની રહેશે. વધુ માહિતી માટે સિનિયર કોચ મો.નં.૮૮૬૬૧૨૩૧૮૫ ઉપર સંપર્ક સાધી શકશે. તેમ સિનિયર કોચની યાદીમાં જણાવાયુ છે.

# ધરમપુરમાં રઝળતા ઢોરથી નગરજનો ત્રાહિમામ



**(અમારા પ્રતિનિધિ દ્વારા)**

ધરમપુર, તા.૭

ગામડાં-શહેરોમાં રખડતા ઢોરોનો ત્રાસ નાગરિકો માટે ત્રાહિમામ પોકારાવે આવે છે છતાં સક્ષમ તંત્રો આ પ્રશ્નનો કાયમી ઉકેલ લાવી શકતા નથી, સરવાળે પ્રજાએ દુ:ખી થવું પડે છે.

તાજેતરમાં કુંડી પાસે ધરમપુરના પીઢ ગૌરક્ષક કંસારાનું ગૌતસ્કરો દ્વારા વાહન અડફેટે મોત નીપજ્યું હતું, તેમના નગરમાં જ રખડતા ઢોરો દ્રશ્યમાન છે. રખડતા ઢોરોના માલિકો હોય જ છે જેથી દરેક ઢોરના (પાલતું પણ) ગળામાં પટો બંધાવી જે તે પાલિકાએ નોંધણી ક્રમાંક લખી, માલિકનો મોબાઇલ નંબર પણ છાપવો -લખવો જોઈએ. જો ઢોર જાહેર રસ્તા પર રખડતાં દેખાય તો કોઈ પણ નાગરિક આ પટા-વસ્તુ વોટ્સએપ કરીને જેતે તંત્રને જાણ કરે એટલે તે માલિક સામે દંડનીય કાર્યવાહી તંત્રએ કરવી જોઈએ. તમામ ઢોરોની નોંધણી સરકાર ફરજિયાત કરે તે સમયની માંગ છે.

# માણાવદરઃ શૈક્ષણિક સંકુલની શુભેચ્છા મુલાકાત લેતા પૂર્વ પોલીસ વડા ડી.જી.વણઝાર



**(અમારા પ્રતિનિધિ દ્વારા)**

માણાવદર, તા.૭

માણાવદર ખાતે આવેલ કે.જી. થી પી.જી. સુધીની માણાવદરની સૌથી મોટી શૈક્ષણિક સંસ્થા જે.એમ. પાનેરા શૈક્ષણિક સંકુલની શુભેચ્છા મુલાકાતે કેળવણીકાર જેઠાભાઈ પાનેરાના પરમ સ્નેહી મિત્ર અને અને ગુજરાતના પૂર્વ પોલીસ વડા એવા ડી.જી. વણઝારા પધાર્યા હતા. આ તકે માણાવદરના રાષ્ટ્રીય, સામાજીક, ધાર્મિક તેમજ શૈક્ષણિક સંસ્થાના સભ્યો ઉપસ્થિત રહ્યા હતા. સંસ્થા સાથે કાયમી સંભારણું રહે એ માટે સંકુલમાં વૃક્ષારોપણ કરી પોતાની કાયમી યાદ મુકી ગયેલા. ત્યારે શુભેચ્છા મુલાકાત વખતે ઉપસ્થિત રહી શોભામાં અભિવૃદ્ધિ કરનાર ટ્રસ્ટી સમીરભાઈ પાનેરા, ગોવિંદભાઈ ડઢાણીયા (તાલુકા કાર્યવાહક), સુરેશભાઈ મેલવાણી, વિજયભાઈ મશરૂ (જલારામ ચેરી. ટ્રસ્ટ), રામ ભાઈ પાનેરા, ડો. ભાટુ સાહેબ, રવિ બાલાસરા, રાજુભાઈ બોરખતરીયા, વિનુભાઈ જાની, તેમજ સમગ્ર સ્ટાફ ઉપસ્થિત રહ્યો હતો. સમગ્ર કાર્યક્રમ નું સંચાલન પ્રિન્સિપાલ પ્રવીણભાઈ સોલંકી દ્વારા કરવામાં આવ્યું હતું.

# રાજકોટની આઈ.ટી.આઈ માં તા.૨૧ સુધી પ્રવેશ મેળવી શકાશે

## પ્રવેશ મેળવવા જાહેર રજા સિવાયના દિવસોમાં સવારના ૧૦ થી સાંજના ૫ દરમિયાન સંસ્થાનો સંપર્ક કરવાનો રહેશે

**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)**

રાજકોટ, તા.૭

ઔદ્યોગિક તાલીમ સંસ્થા, મોરબી રોડ, રાજકોટ (સરકારી), નાગેશ્વર મંદિર પાસે, જામનગર રોડ, રાજકોટ ખાતે મિકેનિક ડિઝલ, એઓસીપી, વાયરમેન વાયરમેન (જી.સી.વી.ટી) કો.પા., ફિટર જેવા રોજગારલક્ષી કોર્ષમાં પ્રવેશ મેળવવા માટે ફોર્મ ભરવાની તથા સ્વીકારવાની આગામી તા.૨૧ સુધીની છે.

પ્રવેશ મેળવવા ઇચ્છુકે જાહેર રજા સિવાયના દિવસોમાં સવારના ૧૦ થી સાંજના ૫ કલાક દરમિયાન સંસ્થાનો સંપર્ક સાધવાવાનો રહેશે. તેમ આઇટીઆઇના આચાર્યની યાદીમાં જણાવાયુ છે.

# ભેસાણના રફળિયા ગામે કાંટાળી વાળમાંથી નવજાત બાળક મળ્યું



**(અમારા પ્રતિનિધિ દ્વારા)** જુનાગઢ, તા.૭: જુનાગઢના ભેસાણમાં માતાની કુખ લજાવતો કિસ્સો સામે આવ્યો છે, કાંટાળી વાળમાંથી નવજાત બાળક મળી આવ્યું. ભેસાણ તાલુકાના રફળિયા ગામમાં થોમણભાઈ ભરડવારને બકરા ચારતા ચારતા નવજાત શિશુ બાળક મળી આવતા સરપંચને જાણ કરતા સરપંચ ભીખુભાઇ મોવલિયાએ ભેસાણ પોલીસ તાત્કાલિક દોડી આવી પોલીસે સરકારી હોસ્પિટમાં બાળકને સારવાર અપાવી હતી. હાલ ભેસાણ પોલીસે બાળકનો કબજો મેળવ્યો છે અને હાલની બાળકની સંભાળ લેડીઝ પોલીસ મનીષાબેન કરી રહ્યા છે, ઘટનાના પગલે આગળની તપાસ પી.એસ.આઇ એ.ડી. વાળા ચલાવી રહ્યા છે.

## કોરોનાને કારણે મૃત્યુ પામેલા ૩ પોલીસ કર્મચારીઓના આશ્રિતોને

# બોટાદ ખાતે રાજય સરકારની ૨૫ લાખની સહાયના ચેક અર્પણ

**(અમારા પ્રતિનિધિ દ્વારા)**

બોટાદ, તા.૭

કોવિડ-૧૯ સંક્રમણના લીધે અવસાન થાય તેવા કિસ્સાઓમાં રાજ્ય સરકારે કર્મચારીઓના આશ્રિતોને રૂ.૨૫ લાખની સહાય ચુકવવાની જાહેરાત કરવામાં આવેલ હતી. કોરોનાની બંને લહેરોમાં બોટાદ જિલ્લામાં નાગરિકોની સુરક્ષા માટે નિરંતર કાર્યશીલ અને સતત સેવામગ્ન રહેનાર પોલીસ વિભાગની લોકડાઉન દરમ્યાન અને કોરોનાની બીજી લહેર વખતે ઉત્કૃષ્ટ કામગીરી રહેલ છે, પરંતુ પોતાની ફરજ બજાવતી વખતે કોરોના વાયરસથી સંક્રમિત થતા બોટાદ જિલ્લા પોલીસ પરીવારના ત્રણ



ઝાબાજ પોલીસ કર્મચારીઓના દુ:ખદ અવસાન થયેલ હતા.

જેથી બોટાદ ખાતે પોલીસ હેડ ક્વાર્ટરમાં મર્હુમ પોલીસ કર્મચારીઓના આશ્રિતોને રૂ.૨૫ લાખની સહાયના ચેક અર્પણ કરવાનો કાર્યક્રમ અશોક કુમાર, IPS, પોલીસ મહાનિરીક્ષક, ભાવનગર વિભાગ, ભાવનગર નાઓના અધ્યક્ષસ્થાને પોલીસ પરીવારની હાજરીમાં યોજાયેલ હતો.

## સૌરાષ્ટ્ર વિદ્યાર્થી ઉત્કર્ષ સમાજના યશવંત જનાણીની મુખ્યમંત્રી, શિક્ષણમંત્રીને રજૂઆત

# ગરીબ-માધ્યમ વર્ગના બાળકોને ઓનલાઈન શિક્ષણ માટે લેપટોપ-સ્માર્ટફોન રાહતદરે અથવા નિ:શુલ્ક આપવા માંગ

## ધો.૯ અને ૧૧ માં એક વર્ગમાં ૭૫ ની સંખ્યા ભરવાની સમસ્યા દૂર કરવા રજૂઆત

**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)**

રાજકોટ, તા.૭

રાજયનાં શિક્ષણમંત્રીનાં વિધાન ગુજરાતમાં શાળા કોલેજો શરૂ કરવા હાઈ લેવલની કમિટીની મીટીંગ નક્કી કરશે. તે અંગે પ્રત્યાઘાત આપતા સૌરાષ્ટ્રનાં વિદ્યાર્થીઓની માર્ગદર્શક સંસ્થા, સૌરાષ્ટ્ર વિદ્યાર્થી ઉત્કર્ષ સમાજનાં સ્થાપક, ટ્રસ્ટી યશવંત જનાણીએ જણાવેલ કે, વિદ્યાર્થીઓની આરોગ્યની સલામતીએ રાષ્ટ્ર અને સમાજની આરોગ્યની સલામતી છે. તે સિધ્ધાંતને તથા કોરોના મહામારીની ત્રીજી લહેરને ધ્યાનમાં રાખી રાજયમાં શાળા કોલેજો ખોલતા પહેલા તમામ વિદ્યાર્થીઓને કોરોનાની રસીના બે ડોઝ આપી દેવા જોઇએ. આ માટે ગુજરાત સરકારે વિદ્યાર્થીઓ માટે ખાસ રસીકરણ અભિયાન ચલાવવુ જોઇએ તેમ અમે માનીએ છીએ. ગુજરાતમાં ઓફલાઇન શિક્ષણ શરુ કરતા પહેલા કોલેજનાં વિદ્યાર્થીઓ અને ખાસ કરીને શાળા કક્ષાએ ધો. ૧૦ અને ૧૨ નાં વિદ્યાર્થીઓને કોરોનાની રસી આપી દેવી જોઇએ. અત્યારે શાળા કોલેજોના વેકેશન બાદ ઓનલાઇન શિક્ષણ ચાલે છે. પરંતુ શાળામાં ઓનલાઇન શિક્ષણ ૩૦ થી ૩૫ ટકા સફળ થયુ લાગે છે કારણ કે ગરીબ- મધ્યમવર્ગના બાળકો પાસે લેપટોપ કે સ્માર્ટફોન જેવી સુવિધાઓ ન હોય ઓનલાઇન શિક્ષણથી વંચિત છે. તેવા બાળકોને ખાસ કરીને ત્રણ લાખ સુધીની વાર્ષીક આવક ધરાવતા કુટુંબનાં બાળકોને રાજ્ય સરકારે સસ્તા દરે અથવા નિશુલ્ક લેપટોપ કે સ્માર્ટફોન આપવા જોઇએ અને તે માટે રાહત પેકેજ જાહેર કરવું જોઇએ. જેથી કરીને વિદ્યાર્થીઓ વચ્ચે અસમાનતા ન સર્જાય અને બધા બાળકો સમાન રીતે ઓનલાઇન શિક્ષણ મેળવી શકે. આ અંગે ગુજરાત સરકાર તાકિદે નિર્ણય લેશે તે માટે મુખ્યમંત્રી અને શિક્ષણમંત્રીને પત્ર લખી સંસ્થાના સ્થાપક ટ્રસ્ટીએ માંગ ઉઠાવી છે.

ઉપરાંત શિક્ષણ વિભાગે કોરોના મહામારીને કારણે આપેલ માસ પ્રમોશનનાં નિર્ણયને કારણે શાળાઓમાં ખાસ કરીને ધો.૯ અને ૧૧ માં પ્રવેશની સમસ્યા ઉભી થઇ છે. તેને હલ કરવા રાજ્ય સરકારના શિક્ષણ વિભાગે ધો.૯ અને ધો. ૧૧ માં જે ૭૫ વિદ્યાર્થીઓની સંખ્યા નિર્ધારીત કરી છે. તે કોવિડ- ૧૯ ની ગાઇડલાઇનથી તદન વિપરીત છે અને તેના ભંગ સમાન છે. યશવંત જનાણીએ જણાવ્યું હતું. અત્યારે ઓનલાઇન શિક્ષણ અપાય છે તેથી શાળાઓમાં વર્ગદિઠ ૭૫ ની સંખ્યા ભરવાથી કોવિડ-૧૯ ગાઇડલાઇનનો ભંગ થતો નથી. પરંતુ કેન્દ્ર સરકારના નિર્ણય પ્રમાણે જુલાઇ ઓગષ્ટનાં ઓફલાઇન શિક્ષણ શરુ કરવા માટે નિર્ણય લઇ શકે તેમ હોવાથી ૭૫ ની સંખ્યા એક વર્ગમાં કેવી રીતે સમાય શકશે તે પ્રશ્નાર્થ છે. રાજ્ય સરકારનાં શિક્ષણ વિભાગે કોવિડ ગાઇડલાઇનની વિપરીત રીતે ધો. ૯ અને ૧૧ માં પ્રવેશની સમસ્યા દુર કરવા રાજ્ય સરકાર અને શિક્ષણ વિભાગ સ્પષ્ટતા કરે તેવી પણ માંગ ઉઠાવવામાં આવી છે.

# પ્રધાનમંત્રી ગરીબ કલ્યાણ અન્ન યોજના નવેમ્બર સુધી લંબાવાઈ

**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)**

રાજકોટ, તા.૭

ભારત સરકાર દ્વારા પ્રધાનમંત્રી ગરીબ કલ્યાણ અન્ન યોજના આઈ.વી નવેમ્બર- ૨૦૨૧ સુધી વધારવામાં આવી છે. ગુજરાત માટે ૫.૯૮ એલએમટી ઘઉં અને ૨.૫૬ એલએમટી ચોખા ફાળવવામાં આવ્યા છે અને આ સમયગાળામાં દાદરા નગર હવેલી અને દમણ, દિવ માટે ૧૩૧૬ મે.ટન ઘઉં અને ૪,૫૯૯ મે.ટન ચોખા ફાળવવામાં આવ્યા છે. લગભગ રૂ. ૨,૯૧૪ નું અનાજ આ સમયગાળા દરમિયાન વિના મૂલ્ય પૂરા પાડવામાં આવશે એમ અમદાવાદના સેટેલાઈટ ખાતે ફૂડ કોર્પોરેશન ઓફ ઇન્ડિયાની રીજનલ ઓફીસ ખાતે પત્રકાર પરિષદને સંબોધતા ફૂડ કોર્પોરેશન ઓફ ઇન્ડિયાની ગુજરાત રીજનના જનરલ મેનેજર અસીમ છાબાએ માહિતી આપતા જણાવ્યું હતું.



## રાજ્યમાં ૧.૭ એલ.એમ.ટી ઘઉંની ખરીદી, ગત વર્ષની તુલનામાં ૧૨૦% થી વધુનો વધારોઃ ગુજરાત રીજનનાં જનરલ મેનેજર

છાબ્રાએ વધુમાં જણાવ્યું હતું કે, પીએમજીકે, વાય યોજના સમયાંતરે વધારી દેવામાં આવી છે અને પીએમજીકેવાય- મે અને જૂન ૨૦૨૧ દરમિયાન પૂરા પાડવામાં આવેલા અનાજ દ્વારા સંપૂર્ણ રીતે અમલમાં મુકવામાં આવી છે.

છાબાએ પીએમજીકે વાય યોજના વિશે માહિતી આપતા કહ્યું કે કોવિડ- ૧૯ દ્વારા ઉદભવેલી આર્થિક મુશ્કેલીના કારણે ગરીબોને મુશ્કેલી વેઠવી પડે છે. તે જોતા ભારત સરકાર દ્વારા માર્ચ ૨૦૨૦ માં પ્રધાનમંત્રી ગરીબ કલ્યાણ યોજનાની શરૂઆત કરવામાં આવી હતી. આ કાર્યક્રમ અંતર્ગત ૫ કિ.ગ્રા. એન.એફ.એસ.એ. હેઠળ આવતા તમામ લાભાર્થીઓને દર મહિને વિના મૂલ્ય અનાજ આપવામાં આવે છે. આ એન.એફ.એસ.એ. હેઠળ આપવામાં આવતા અનાજ ઉપરાંત છે.

સમગ્ર દેશમાં ચાલુ આર.એમ.એસ ૨૦૨૧-૨૨ દરમિયાન એફસીઆઈ/રાજય સરકારની એજન્સીઓ દ્વારા ૪૩૩ એલએમટીની રેકોર્ડ ખરીદી કરવામાં આવી છે. ગુજરાત રાજ્યમાં ૧.૭ એલએમટી ઘઉંની ખરીદી કરવામાં આવી છે. જે અત્યાર સુધીમાં સૌથી વધુ પ્રાપ્તિ સ્તર છે. ગત વર્ષની તુલનામાં આમાં ૧૨૦% થી વધુનો વધારો થયો છે. આનો લગભગ ૩૭,૦૦૦ ખેડૂતોને ફાયદો થયો છે. જેમની પેદાશો ન્યૂનતમ ટેકાના ભાવ (એમએસપી) પર લેવામાં આવી છે અને તેની ચૂકવણી સીધા તેમના બેંક ખાતામાં કરવામાં આવી છે એમ

# હળવદ-માળીયા હાઈ-વે પરથી સાત ટ્રકમાંથી ડીઝલ ચોરી



## અજાણ્યા શખ્સોએ ડીઝલની ટાંકીના તાળા તોડી ચોરી કરી

**(અમારા પ્રતિનિધિ દ્વારા)**

હળવદ, તા.૭

હાલ પેટ્રોલ-ડીઝલના ભાવમા તોતિંગ વધારો થઈ રહ્યો છે ત્યારે હવે તસ્કરો કીમતી ડિઝલની ચોરી તરફ વળ્યા હોય તેમ હળવદમાં રાત્રીના એકીસાથે સાત ટ્રકની ટાકીના તાળા તોડી ડિઝલની ચોરી કરી ગયા હોવાનું સામે આવતા પોલીસના નાઇટ પેટ્રોલિંગ પર અનેક સવાલો ઉઠયો છે.

બનાવની જાણવા મળતી વિગતો મુજબ હળવદ માળીયા હાઈવે પર આવેલ ભારત પેટ્રોલ પંપની બાજુના શુભ-લાભ કોમ્પ્લેક્ષ પાસે રાત્રે ટ્રક માલિકો ટ્રકમાં ડીઝલ પુરાવી ટ્રકો મૂકીને ઘરે ગયા હતા તે અરસામાં રાત્રિના દોઢેક વાગ્યે અજાણી ટ્રક લઈ આવેલા ત્રણથી વધુ શખ્સોએ ટ્રકની ડિઝલ ટાકીના તાળા તોડી એક લાખથી વધુ રૂપિયાની ડીઝલ ચોરી ગયા હોવાનું સામે આવ્યું છે.

હાલ તમામ ટ્રક માલિકો હળવદ પોલીસ મથકે રજૂઆત કરવા માટે ગયા હોવાનું પણ જાણવા મળ્યું છે અત્રે ઉલ્લેખનીય છે. હળવદ શહેર અને ગ્રામ્ય વિસ્તારમાં પાછલા પંદરેક દિવસથી ચોરીના બનાવો વધી રહ્યા છે. ત્યારે હળવદ હાઈવે પર રવિવારે રાત્રિના સમયે ટ્રકમાંથી ડીઝલ ચોરતી ગેંગ સક્રિય થતા પોલીસમાં દોડધામ મચી જવા પામી હતી અને પોલીસ દ્વારા ડીઝલ ચોરતી ગેંગ ઝડપી પાડવા ચક્રો ગતિમાન કર્યા છે.

## ગુજરાતની નંબર વન આઈ.ટી.આઈ.નું બિરૂદ મેળવનાર

# રાજકોટ આઈ.ટી.આઈ.માં વ્યવસાયલક્ષી તાલિમ મેળવો અને આત્મનિર્ભર બનો

## વિવિધ ક્ષેત્રની નેશનલ ઈન્ટરનેશન કંપનીઓ વર્ષ દરમિયાન પ્લેસમેન્ટ માટે રાજકોટ આઈ.ટી.આઈ.ની મુલાકાત લે છે



**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)**

રાજકોટ, તા.૭

વર્તમાન સમયમાં રાજ્ય સરકાર અને રાષ્ટ્રમાં વિવિધ ક્ષેત્રે ઔદ્યોગિકરણનો વ્યાપ વધી રહ્યો છે. આંતરરાષ્ટ્રીય કંપનીઓ પણ આપણા દેશમાં ઉદ્યોગો સ્થાપી રહી છે. અલગ અલગ તમામ ક્ષેત્રો રોજગારી ક્ષેત્રે ઉભરી રહ્યા છે. આવા સંજોગોમાં વ્યવસાયલક્ષી શિક્ષણ મેળવીને વ્યાવસાયિક કૌશલ્ય પ્રાપ્ત કરનાર ઉમેદવારો માટે રોજગારી અને સ્વરોજગારી મેળવવાની વધુ તકો ઉજ્જવળ થઈ રહી છે. રાજ્યમાં આઇ.ટી.આઇ. દ્વારા અપાતી તાલીમ દ્વારા કૌશલ્ય પ્રાપ્ત કરીને ઘણા બધા ઉમેદવારો દેશમાં જ નહીં પણ વિદેશમાં પણ સારી રોજગારી મેળવી રહ્યા છે. આથી સરળતાથી રોજગારી પ્રાપ્ત કરી આત્મનિર્ભર બનવા માટે વ્યવસાયલક્ષી શિક્ષણ અપાવવું જ એ શ્રેષ્ઠ વિકલ્પ છે. રાજ્ય સરકારના શ્રમ અને રોજગાર વિભાગના નેતૃત્વ હેઠળ રોજગાર અને તાલીમ ખાતાના નિયંત્રણ હેઠળ ગુજરાતની નંબર વન આઇ.ટી.આઈનું બિરુદ મેળવનાર રાજકોટ આઇ.ટી.આઈમાં વ્યવસાયલક્ષી તાલીમ માટે વિસ્તૃત અને વ્યાપક તાલીમ સુવિધાઓ ઉપલબ્ધ કરાવી રહી છે જેનો શ્રેય પ્રિન્સીપાલ નિપુણ રાવલ અને તેની ટીમને જાય છે.

વ્યવસાયલક્ષી તાલીમ માટે ભારત સરકારના સ્કીલ ડેવલપમેન્ટ એન્ડ એન્ટ્રપ્રિન્યરશિપ મંત્રાલય હસ્તકની ડાયરેક્ટર જનરલ ઓફ ટ્રેનિંગ, ન્યુ દિલ્હી દ્વારા ઘડાયેલા કારીગર તાલીમ યોજનાનો મુખ્ય ઉદ્દેશ વિવિધ ઉદ્યોગો અને સેવા ક્ષેત્રે અને કુશળ માનવબળ ઉપલબ્ધ કરાવવાનો છે. તેમજ જુદા જુદા ક્ષેત્ર પણ વિકસતી જતી ટેકનોલોજી અંગે ઉમેદવારોને તાલીમ આપીને રોજગારી મેળવવામાં મદદરૂપ થવાનો છે. કારીગર તાલીમ યોજના હેઠળ નેશનલ કાઉન્સિલ ફોર વોકેશનલ ટ્રેનિંગ (NCVT) દ્વારા રાષ્ટ્રીય કક્ષાના અને ગુજરાત કાઉન્સિલ ઓફ વોકેશનલ ટ્રેનિંગ (GCVT) દ્વારા રાજ્યકક્ષાના વ્યવસાયોનું સંચાલન આઇ.ટી.આઈ દ્વારા થાય છે.

રાજકોટ જીલ્લો ઈજનેરી ક્ષેત્ર માટે મહત્વનું કેન્દ્ર ગણાય છે. વધુમાં વધુ ક્ષેત્રે મેન્યુફેક્ચરિંગ, ઓટોમોબાઇલ્સ ઇન્ડસ્ટ્રીઝ, રેફ્રિજરેશન, પ્લમ્બિંગ, કાર્પેન્ટર, ઇલેક્ટ્રોનિક અને ઇલેક્ટ્રિશિયન સેક્ટરની ઈન્ડસ્ટ્રીઝમાં કુશળ માનવબળ પૂરું પાડવામાં આઈ.ટી.આઈ રાજકોટ મહત્વનો ભાગ ભજવે છે. જેના માટે વિવિધ ક્ષેત્રોના લાંબા અને ટૂંકા ગાળાના કોર્ષ ચલાવવામાં આવે છે. આ માટે અનુભવી શિક્ષકો દ્વારા તાલીમ આપવામાં આવે છે. દરેક કોર્સ માટે અદ્યતન મશીનરી ઉપલબ્ધ છે, એના પર પ્રેક્ટિકલ તાલીમ આપવામાં આવે છે. આ તાલીમ માટે જરૂરી કાચોમાલ રાજ્ય સરકાર દ્વારા વિનામૂલ્યે પૂરો પાડવામાં આવે છે. વિવિધ ક્ષેત્રની નેશનલ ઇન્ટરનેશનલ કંપનીઓ વર્ષ દરમિયાન પ્લેસમેન્ટ માટે રાજકોટ આઈ.ટી.આઈની મુલાકાત લે છે. રાજકોટ ખાતે યોજાતા કેમ્પસ પ્લેસમેન્ટમાં ગુજરાત ઉપરાંત અન્ય રાજ્યોના નવ યુવાનો રોજગારી મેળવવા આવે છે. કેમ્પસ પ્લેસમેન્ટ માટે વર્ષ ૨૦૧૮ માં ૬૪ કંપનીઓએ કેમ્પસ પ્લેસમેન્ટમાં માટે રાજકોટ આઈ.ટી.આઈ ની મુલાકાત લીધી હતી અને ત્રણ હજારથી વધારે તાલીમાર્થીઓને રોજગારીની તક ઉપલબ્ધ કરાવવામાં આવી હતી. તેમજ વર્ષ ૨૦૧૯ માં ૪૦ થી વધારે કંપનીઓએ કેમ્પસ પ્લેસમેન્ટમાં માટે આવી જેમાં ૨૦૦૦ થી વધારે તાલીમાર્થીઓને રોજગારીની તક ઉપલબ્ધ કરાવવામાં આવી હતી. કોરોનાના સમયમાં પણ ઓનલાઇન પ્લેસમેન્ટ ડ્રાઈવ ચલાવવામાં આવી હતી. જેમાં પણ અનેક વિદ્યાર્થીઓને રોજગારીની તકો ઉપલબ્ધ થઈ છે. રાજકોટ આઈ.ટી.આઈ સ્કીલ ડેવલપમેન્ટ થકી સ્કીલ ઇન્ડિયા, કૌશલ્ય ભારત-કુશળ ભારતના સુત્રને સાકાર કરવા ભારે જહેમત ઉઠાવી રહી છે. આવી વ્યવસાયલક્ષી તાલીમ લઈને વિદ્યાર્થીઓ આત્મનિર્ભર બને અને દેશ આત્મનિર્ભરતાની રાહ પર આગળ વધે તે માટે આઈ.ટી.આઈ અનેક નવા પગલાં લઈ રહી છે.(૧૨.૪)

# આજે રંગીલા રાજકોટનો સ્થાપના દિવસ

# ભવ્ય ભૂતકાળ, વિકસીત વર્તમાન, ઉજળું ભવિષ્ય










અહેવાલ: (પરાગ જાટીયા)
(તસવીર: દિલીપ ગોહેલ)

## રાજકોટના સ્મારકોની યાદગાર તસવીરો

**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)**
રાજકોટ,તા.૭


આજે રંગીલા રાજકોટનો સ્થાપના દિવસ છે. રાજકોટએ પવિત્ર સંતોનું એક જમીન છે, જે મહાત્મા ગાંધીના રાષ્ટ્રનું એક મહત્વનું ભાગ છે, રાજકોટ શહેરની સ્થાપના ઠાકોરજી વિભજી દ્વારા ૧૬૧૦ ના વર્ષમાં કરવામાં આવી હતી અને તેમણે લગભગ ૨૮૨ ચોરસ માઇલ વિસ્તારમાં શાસન કર્યું હતું. ૧૭૨૦ માં સોરઠ રેજિમેન્ટના નાયબ સુબેદાર માસુમ ખાનએ શાસકને હરાવ્યો અને રાજકોટનું નામ બદલીને મસુમાબાદ કર્યું. તે પછી ૧૭૩૨ ના વર્ષમાં ડેરાફેટેડ શાસક મેરમનજીના પુત્રએ માસુમ ખાનને હરાવીને તેના પિતાની હારનો બદલો લીધો અને ફરી તેનું નામ રાજકોટ રાખ્યું.

૧૮૨૨ ના વર્ષમાં બ્રિટીશ શાસનએ એક એજન્સીની સ્થાપના કરી અને તેનું નામ કાઠિયાવાડ એજન્સી રાખ્યું. કસ્ટમ અને રેલવે કચેરીઓ ધરાવતી હાલના કોઠી વિસ્તાર તે સમયગાળા દરમિયાન બ્રિટિશ એજન્સીના અધિકારીઓને હાથે ઉપયોગ કરતા હતા. વિવિધ ફેરફારો દરમિયાન નેતૃત્વમાં ફેરફાર થયો હતો અને ફરીથી સમગ્ર વિસ્તાર એ એજન્સીની હતી જે હાલમાં સદર વિસ્તાર રાજકોટ વર્ષ ૧૮૮ ૯ માં રેલવે મારફતે વાંકાનેર સાથે જોડાયેલો હતો. ૧૮૯૩ માં રાજકોટ અને જેતલસર વચ્ચે રેલ લિંકની સ્થાપના થઈ હતી. તે સમય દરમિયાન મોટેભાગે મીટર ગેજ ટ્રેનોનો ઉપયોગ કરવામાં આવ્યો હતો અને જે વિસ્તારોમાં પરિવહનની મુખ્ય જીવનરેખાની રચના કરે છે. રાજકોટ શહેરની જળ જરૂરિયાતોને પહોંચી વળવા જે નદીની કિનારે બાંધવામાં આવે છે, તે લાલપરી નામની એક નવો તળાવ ૧૮૯૫ ના વર્ષમાં સ્થાપવામાં આવી હતી.

રાજકોટમાં હજુ પણ જુની અનેક સ્મૃતીઓ જુના રાજકોટની યાદ અપાવે છે જેમાં જ્યુબિલી ગાર્ડન, રાજકોટ સ્થિત ક્વીન વિક્ટોરિયા સ્મારક સંસ્થા ઇમારતોમાં સંગ્રહાલયની સ્થાપના કરવામાં આવી છે. વાટ્સન મ્યુઝિયમ મોહેં-જો-દડો, કુદરતી ઇતિહાસ, ૧૩ મી સદીના કોતરણી, મંદિરની મૂર્તિઓ, કોસ્ચ્યુમ અને સ્થાનિક આદિવાસી લોકોના મકાનોની ડિઝાઇનની નકલો દર્શાવે છે. વોટ્સન મ્યુઝિયમમાં પરંપરાગત, પુરાતત્ત્વીય વસ્તુઓ અને સિક્કાઓનો એક ઉત્તમ સંગ્રહ છે.મનની શાંતિ માટેનું સ્થાન અને હળવાશથી લાગે છે તે એક મહાન સ્થળ છે જે રાજકોટ શહેરની મધ્યમાં આવેલું છે, એક મગજની શાંતિની મુલાકાત લેવાની જગ્યા છે અને જ્યારે તમે આ સ્થળની મુલાકાત લો છો ત્યારે હળવા લાગે છે, તે આશ્રમ કમ મંદિર છે.

કરમચંદ ગાંધી, પિતા અથવા મહાત્માને રાજકોટ રાજ્યના દિવાન તરીકે નિયુક્ત કરવામાં આવ્યા હતા અને જે હાલમાં કબા ગાંધીનો ડેલો તરીકે ઓળખાય છે, તે વ્યકિત ઘાકેન્થા રોડની નજીક સ્થિત છે.

આ મહોત્સવમાં મહાત્માના જીવનના ચિત્રાત્મક પ્રવાસનો દ્વિભાષી કેપ્શન્સ છે. હિન્દી અને ગુજરાતી બંને એક એનજીઓ જગ્યામાં યુવાન છોકરીઓ માટે સીવણ અને ભરતકામ માં વર્ગો ચલાવે છે. ડોલ્સના માધ્યમથી વિશ્વની સંસ્કૃતિ અને પરંપરાઓનું વિહંગાવલોકન આપે છે. સમગ્ર વિશ્વમાં રોટરી ક્લબોએ ઉદારતાપૂર્વક આ ડોલ્સને રાજકોટ મિડટાઉનના રોટરી ક્લબમાં દાન કર્યું છે. ઇશ્વરીયા પાર્કએ રાજકોટે ખૂબ પ્રસિદ્ધ પિકનીક સ્થળ છે. પરિવાર અને મિત્રો સાથે મુલાકાત લેવા માટે શ્રેષ્ઠ સ્થાન પૈકી એક. તે ખૂબ જ સરસ સુખદ વાતાવરણ છે.



## શહેર ભાજપ દ્વારા યોગગુરૂઓનું સન્માન કરાયું

**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)**
રાજકોટ, તા.૭

દેશના વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ સામુહિક યોગની શરૂઆત ગુજરાતમાંથી કરી અને આજે વિશ્વભરના લોકો નરેન્દ્રભાઈ મોદીના આ સંકલ્પને સાર્થક કરી રહ્યા છે. ગુજરાતભરમાં ભારતીય જનતા પાર્ટી દ્વારા યોગા કાર્યકમનું આયોજન કરવામાં આવેલ, તે અંતર્ગત શહેર ભાજપ દ્વારા શહેરના તમામ વોર્ડમાં ૩૬ સ્થાનો પર યોગના કાર્યક્રમો યોજવામાં આવ્યા હતા.

જેમાં ખાસ કરી શહેરના જાણીતા યોગ ગુરુઓએ ઉપસ્થિત રહી પોતાનો અમુલ્ય સમય ભારતીય જનતા પાર્ટી આયોજિત આ યોગ કાર્યક્રમમાં આપવા બદલ શહેર ભાજપ પ્રમુખ કમલેશ મીરાણીની અધ્યક્ષતામાં તેમજ શહેર ભાજપ મહામંત્રી જીતુ કોઠારી, કિશોર રાઠોડ, નરેન્દ્રસિંહ ઠાકુર, ડો.પ્રદીપ ડવ, પુષ્કર પટેલ, રક્ષાબેન બોળીયા, ભાનુબેન બાબરીયા, પરેશ હુંબલ, અનિલભાઈ પારેખ, કિરણબેન માંકડિયા તેમજ યોગ ગુરુ અનીલ ત્રિવેદીની ઉપસ્થિતિમાં શહેર ભાજપ કાર્યાલય ખાતે યોગગુરુઓનું સન્માન કરવામ આવ્યું હતું. આ કાર્યક્રમનું જવાબદારી જીતુભાઈ કોઠારી, કિશોરભાઈ રાઠોડ, નરેન્દ્રસિંહ ઠાકુર અને કિરણબેન માકડિયાઈ સંભાળી હતી. તેમ શહેર ભાજપ કાર્યાલય મંત્રી હરેશ જોષીએ અખબારી યાદીમાં જણાવ્યું છે.(૧.૭)

## આકાશવાણી ચોકમાં હોમગાર્ડની ફરજમાં રૂકાવટ

### રાત્રી કર્ફ્યુમાં બિનજરૂરી બહાર નિકળેલા શખ્સને અટકાવતા મામલો બિચક્યો: મહિલા સહિત ચાર શખ્સોએ ગાળો આપી ગડદાપાટુનો માર માર્યો

રાજકોટ, તા.૭

યુનિવર્સીટી રોડ પર આવેલા આકાશવાણી ચોક પાસે રાત્રી કર્ફ્યુમાં ફરજ પર રહેલા હોમગાર્ડની ફરજમાં રૂકાવટ કરી મહિલા સહિત ચાર શખ્સોએ ગડદાપાટુનો માર મારતા ગાંધીગ્રામ-૨ (યુની) પોલીસમાં ફરિયાદ નોંધાઈ છે. આ અંગેની વિગત મુજબ ગાંધીગ્રામ-૨ (યુની) પોસ્ટ હોમગાર્ડ તરીકે ફરજ બજાવતા મહિપાલસિંહ સબળસિંહ જાડેજા નામનો યુવાન ગઈકાલે યુનિવર્સીટી રોડ પર આવેલા આકાશવાણી ચોક પાસે પોતે રાત્રી કર્ફ્યુમાં ફરજ પર હતા ત્યારે રૈયાગામમાં ખોડીયાર માં ના મંદિર સામે રહેતો સાગર મનજી રાઠોડ નામનો શખ્સ રાત્રી કર્ફ્યુમાં બિનજરૂરી ઘરની બહાર નીકળી જાહેરનામાંનો ભંગ કરતા તેને રોકી કાયદેસરની કાર્યવાહી કરતા તે દરમ્યાન સાગર રાઠોડ નાસી જઈ તેના કુટુંબીજનો તેના પિતા મનજીભાઈ તથા મનસુખભાઈ તથા જશ્મીનબેન સહિતનાં બોલાવીને આવ્યા બાદ ઉપરોકત શખ્સોએ હોમગાર્ડની ફરજમાં રૂકાવટ કરી ગાળા ગાળી કરી ગડદાપાટુનો મારમારી ફરજમાં રૂકાવટ કરતા ફરિયાદ નોંધાઈ છે.

## રાજકોટમાં પાણીકાપની શક્યતા, આજી ડેમમાં માત્ર 30 દિવસનું જ પાણી

## અંકલેશ્વરની સોનલપાર્ક સોસા.ની દુકાનમાંથી ગેસ રીફલીંગ કૌભાંડ ઝડપાયું

**(અમારા પ્રતિનિધિ દ્વારા)**
અંકલેશ્વર, તા.૭

અંકલેશ્વરના સારંગપુર લક્ષ્મણ નગર સોનલપાર્ક સોસાયટીમાં એક દુકાનમાંથી જીઆઇડીસી પોલીસે ગેસ રીફલીંગ કૌભાંડ ઝડપી પાડ્યું હતું. પોલીસે દુકાનદારની અટકાયત કરી ૧૭ હજાર ઉપરાંતનો મુદ્દામાલ કબ્જે કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે, પોલીસ સૂત્રીય માહિતી મુજબ અંકલેશ્વરતાલુકાના સારંગપુર નજીક આવેલ લક્ષ્મણ નગર પાસે સોનલ પાર્ક સોસાયટીમાં ચામુંડા જનરલ સ્ટોર નામની દુકાન ધરાવતા બક્સી રોશન ખત્રી ગેરકાયદેસર રીતે ગેસની મોટી બોટલમાંથી નાની બોટલમાં ગેસનું રીફલીંગ કરી રહ્યો હોવાની માહિતી જીઆઇડીસી પોલીસને મળતા પોલીસે રેડ કરતા ગેસ રીફલીંગ કરતા ઝડપી પાડ્યો હતો. પોલીસે બક્સી ખત્રીની અટકાયત કરી રૂપિયા ૧૫ હજાર ૨૦૦ ની કિંમતની નાની મોટી ગેસની સાત નંગ બોટલ,વજન કાટો સહીતના સાધનો મળી કુલ રૂપિયા ૧૭ હજાર ૪૦૦ નો મુદ્દામાલ કબ્જે કરી ગુન્હો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.





# રાજકોટ ક્રાઈમ

### ગ્રીનલેંડ ચોકડી પાસે મકાન પરથી પડી જતાં શ્રમિકનું મોત

નવાગામ આણંદપરમાં રહેતો કડિયા કામ કરતો દિનેશ મેરામ ઝિંઝુવાડીયા ઉમર ૪૫ એ સાંજે ઘરના બીજા માળે પાડીએ બેઠો હતો ત્યારે અકસ્માતે બીજી મળે થી નીચે પડકાતા હાથે-પગે માથામાં ઈજા થતાં સારવાર અર્થે સિવિલ હોસ્પિટલમાં ખસેડાયો હતો જ્યાં ફરજ પરના તબીબે મૃત જાહેર કરતા પરિવારમાં અરેરાટી મરડી જવા પામી હતી

### શાસ્ત્રી મેદાનમાં પ્રૌઢનો ઝેરી દવા પી આપઘાતનો પ્રયાસ

શહેરના પેલેસ રોડ પર મન મંદિર એપાર્ટમેન્ટમા રહેતા શેર બજારની ઓફિસમાં કામ કરતા ભાવેશ સૂર્યકાંત ચોટાઇ (ઉ.વ.૫૦) એ સાંજે અકળ કારણોસર શાસ્ત્રી મેદાનમાં ઝેરી દવા પી આપઘાતનો પ્રયાસ કરતા સારવાર અર્થે સિવિલ હોસ્પિટલમાં ખસેડાયો હતો એ ડીવીઝન પોલીસે વધુ તપાસ હાથ ધરી છે

### લખતરમાં પ્રેમીના ત્રાસથી કંટાળી પરિણીતાએ ઝેર પીધું

લખતરના ઈગરોડા ગામે રહેતી રેણુબેન અનિલ (ઉંમર.૨૩) ને તેની ગામ નો પ્રેમી શબીર ફકીર પ્રેમસંબંધ રાખવા બાબતે માનસિક ત્રાસ આપીને પોતાના ઘરવાળાને વિવિધ ફોટો મોકલી દેવાની ધમકી આપતો હોય તો પતિ અનિલ ને જાણ કરી દઈ ઘરકેકારી કરાવતો હોવાથી અલ્પેશ ની વાડીએ ઝેરી દવા પી આપઘાતનો પ્રયાસ કરતા સારવાર અર્થે રાજકોટ સિવિલ હોસ્પિટલમાં ખસેડાયા હતો.

### જસદણમાં સાસુ સાથે ચડભડ થતાં વહુએ ઝેર પીધું

જસદણના ગોખલાણા ગામે રહેતા પશુપાલન નું કામ કરતા લક્ષ્મીબેન સામંતભાઈ મુંધવા (ઉંમર.૨૨) ને જાપો દેવા બાબતે સાસુ સાથે ઝઘડો થતાં બાદ માંઠુ લાગી આવતા ઝેરી દવા પી આપઘાતનો પ્રયાસ કરતાં સારવાર અર્થે હોસ્પિટલમાં ખસેડવામાં આવી હતી જસદણ તાલુકા પોલીસે વધુ તપાસ હાથ ધરી છે

### મેટોડામાં માનસિક તણાવથી કંટાળી યુવાને ફિનાઇલ પીધું

મેટોડાના ગેટ-૨ પાસે રહેતા મજૂરીકામ કરતા કૃપાલસિંહ વિજયસિંહ ગોહિલ (ઉંમર.૩૩) માનસિક તણાવથી કંટાળી આપઘાતનો પ્રયાસ કરતા સારવાર અર્થે સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો પોલીસે વધુ તપાસ હાથ ધરી છે જ્યારે ગોંડલના શ્રીનાથજીગઢમાં રિધિક મુનાલાલ ચંદેલ (ઉંમર.૩૦) એ કારણોસર જેન્તી પટેલની વાડીમાં ઝેર પિતા સારવારમાં ખસેડાયો હતો.

### કાલાવડમાં પાકમાં ઝેરી દવા છંટકાવ કરતા વૃદ્ધ બેભાન

કાલાવડ તાલુકાના મલવર ખીજડિયા ગામે રહેતી ખેતીકામ કરતા ધીરુભા સવજુભા જાડેજા (ઉંમર.૬૦) એ વાડીએ જઈ ઝેરી દવાનો છંટકાવ કરતા હતા ત્યારે ભારે પવનના કારણે ઝેરી દવા ચહેરા પર ઉડતા બેભાન થઈ ઢળી પડતાં સારવાર અર્થે સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા કાલાવડ તાલુકા પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

## વાલિયાના લુણાની પ્રા.શાળામાં વોટર આરો પ્લાન ઉદઘાટન સમારંભ યોજાયો





**(અમારા પ્રતિનિધિ દ્વારા)**
વાલિયા, તા.૭

વાલિયાના લુણા ગામે આવેલ પ્રાથમિક શાળા રોટરી કલબ ભરુચ સંયોજિત વોટર આરો પ્લાનનો ઉદઘાટન સમારંભ રાખવામા આવ્યો હતો.તેમાં રોટરી કલબના ડિસ્ટ્રિક્ટ ગવર્નર સંતોષ પ્રધાન ગુજરાત રાજય રોટરી કલબના અશોકભાઇ કાપડિયા રોટરી કલબ ભરુચ ડો. વનરાજસિંહ મહિડાં રોટરી કલબ ભરુચ ડો. વિક્રમ પ્રેમકુમાર રચના પોદાર મનીષ પોદાર નવચેતન એજ્યુકેશન ના સેક્રેટરી કેસરિસિંહ બી સાયણીયા લુણા પ્રાથમિક શાળાના આચાર્ય સુમનબેન અને સ્ટાફમિત્રોની ઉપસ્થિતમાં ઉદઘાટન કરવામાં આવ્યું હતું. રોટરી કલબ ભરુચએ લુણા ગામના પાણી ચકાસણી કરાવતા પાણીમાં ટીડીએસનું પ્રમાણ વધુ હોવાથી બાળકના આરોગ્યને નુકસાન કરતાં હોવાથી શુદ્ધ પાણી મળી રહેશે એવો પ્લાન રોટરી કલબ ભરુચ દ્વારા આપવામાં આવ્યો છે. લુણા ગામના લોકોને પણ શુદ્ધ પાણી મળી રહેશે.

## અમરતપુરા ગામ પાસે બેગમાંથી યુવકની લાશના ટુકડા મળ્યા

અંકલેશ્વર.તા.૭: અંકલેશ્વર તાલુકાના સારંગપૂર ગામના હાઇવા ટ્રક નો ચાલક રાહુલ વસાવા હાઇવા ટ્રક લઇ ને અમરતપુરા ગામ પાસે માટી ભરવા જતા હતા તે દરમ્યાન અમરતપુરા ગામ જવાના રોડ ઉપર એક રીક્ષા ઉભેલી જોઈ હતી તેમણે રીક્ષા ને કોર્સ કરી આગળ જતા ટ્રક ના સાઈડ ના મીરર માં જોતા રીક્ષા ડ્રાઈવર દ્વારા બે બેગ ને ઝાડી માં નાખતા જોયું હતું તેને બેગ શંકાસ્પદ લાગતા રીક્ષા ગયા બાદ તે ટ્રક ને પાછી વાળી બેગ પાસે આવ્યો હતો અને બેગ ખોલતા તેમાં પુરુષ ના અંગો મળી આવ્યા હતા ત્યાર બાદ રાહુલ વસાવા એ અમરતપુરા ગામ ના ગ્રામજનો અને અંકલેશ્વર શહેર પોલીસ ને જાણ કરી હતી શહેર પોલીસ ને કાફલો ઘટના સ્થળે પહોંચી બેગ માં તપાસ: કરતા પગ ના અંગો મળી આવ્યા હતા અન્ય બીજી જગ્યા એ નાખેલ બેગ ચેક કરતા તેમાંથી હાથ ના અંગો મળી આવ્યા હતા શહેર પોલીસે ટુકડા કરાયેલ હાથ અને પગના અંગો ના આધારે ,વધુ તપાસ હાથ ધરી છે.

## અંકલેશ્વરના બોરભાઠા ગામ નજીક તુફાન પિકઅપ વાન અને કાર વચ્ચે ધડાકાભેર અકસ્માત સર્જાયો


**(અમારા પ્રતિનિધિ દ્વારા)**
અંકલેશ્વર, તા.૭



અંકલેશ્વરના બોરભાઠા ગામ નજીક તુફાન પિકઅપ વાન અને કાર વચ્ચે ધડાકાભેર અકસ્માત સર્જાયો હતો, આ અકસ્માતમાં ૪ લોકોને ઇજા પહોચતા સારવાર અર્થે હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા.

મળતી માહિત અનુસાર, મંગળવારની સવારે ભરૂચથી પાનોલી પી.આઈ. કંપની ખાતે કામ કરતા વર્કરોને લઈને એક તુફાન પિકઅપ વાન જઈ રહી હતી. તે દરમ્યાન અંકલેશ્વરના બોરભાઠા ગામ નજીક અંકલેશ્વર તરફથી આવતી i૨૦ કાર સાથે તુફાન પિકઅપ વાન ધડાકાભેર ભટકાતાં અકસ્માત સર્જાયો હતો. જોકે, બન્ને વાહનો વચ્ચે અકસ્માત સર્જાતા તુફાન પિકઅપ વાનમાં સવાર ૮ જેટલા વ્યક્તિઓમાંથી ૩ લોકોને ગંભીર ઇજા પહોચી હતી, જ્યારે કાર ચાલકને હાથમાં ઇજા પહોચી હતી. અકસ્માત બાદ તુફાન પિકઅપ વાનના તમામ ઇજાગ્રસ્તોને ૧૦૮ એમ્બ્યુલન્સ મારફતે સારવાર અર્થે અંકલેશ્વરની જયાબેન મોદી હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યા હતા, જ્યારે કારના ચાલકને ખાનગી વાહનમાં ભરૂચની સિવિલ હોસ્પિટલ ખાતે સારવાર અર્થે ખસેડવામાં આવ્યો હતો, ત્યારે અકસ્માતમાં સદનસીબે કોઈ જાનહાની ન થતાં સ્થળ પર હાજર લોકોએ રાહત અનુભવી હતી.

# રાજકોટના ઐતિહાસિક અમુલ્ય વારસાની તસવીરી ઝલક



Dt.07-07-2021 8 બુધવાર

અમે કાઠીયાવાડી અમારી વાત કાઠીયાવાડી

# સૌરાષ્ટ્ર ક્રાંતી

સાંધ્ય દૈનિક

### લાઇન ઓફ પબ્લિક સ્ટ્રીટ હેઠળ રોડ પહોળો કરવા

## કાલાવડ રોડ પર કપાતમાં આવતી મિલકતો ધારકોને બોલાવતા મ્યુ.કમિશનર



(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ, તા.૭

રાજકોટ શહેરના ગૌરવ પથ તરીકે ઓળખાતા કાલાવડ રોડને કે.કે.વી. ચોકથી પશ્ચિમ તરફ (મોટામવા સ્મશાન) સુધીનો રોડ ટી.પી. સ્કીમ મુજબ કાલાવડ રોડ ૩૦.૦૦ મી. માંથી ૩૬.૦૦ મી. પહોળો કરવા માટે કપાત અન્વયે આજે મ્યુનિસિપલ કમિશ્નરના અધ્યક્ષ સ્થાને સુનાવણીનું આયોજન કરેલ. જેમાં કુલ ૮૩ મિલકતોના માલિક, કબ્જેદાર, ભાડુઆત પૈકી ૪૮ મિલકતના માલિક, કબ્જેદાર, ભાડુઆત હાજર રહેલ, જે અન્વયે મ્યુનિસિપલ કમિશ્નરની ઉપસ્થીતીમાં ટાઉન પ્લાનીંગ ઓફિસરએ કપાત થતી મિલ્કતો સામે આપવાના થતા વૈકલ્પિક વળતરની સમજણ આપવામાં આવેલ, તેમજ અસરગ્રસ્તોના વાંધા સુચનો તથા રજુઆતો સાંભળી નિયમાનુસારની થતી કાર્યવાહી કરવા ખાતરી આપેલ છે.

# ઉમરાળી ગામે વૃધ્ધાને સાંથણીમાં મળેલી જમીન પર દબાણ

### રાજકીય વર્ગ ધરાવતા માથાભારે શખ્સોએ જમીન પર હોટલ બનાવી નાખીઃ અનેકવાર રજૂઆત છતાં વૃધ્ધાને ન્યાય ન મળ્યો, કલેકટર પાસે ધા



(સૌરાષ્ટ્ર ક્રાંતી પ્રતિનિધિ-રાજકોટ)

રાજકોટ, તા.૭

રાજકોટનાં ભાવનગર રોડ પર આવેલા ઉમરાળી ગામે અનુ.જાતિનાં વૃધ્ધાને વર્ષો પહેલા સાંથણીમાં મળેલી જમીન પર કેટલાક રાજકીય વર્ગ ધરાવતા શખ્સો દબાણ કરી હોટલ બનાવી નાખી વૃધ્ધાની જમીન પચાવી પડતા વૃધ્ધાએ અનેકવાર સરકારી તંત્રોમાં રજૂઆત કરી હોય, પોલીસ કમિશનરને લેખિત ફરિયાદ કરી હોય છતાં ન્યાય નહીં મળતા વૃધ્ધાએ નવનિયુક્ત કલેકટર અરુણ મહેશ બાબુને લેખિતમાં રજૂઆત કરી ન્યાય અપાવવાની માંગ કરી છે. આ અંગેની વિગત મુજબ શહેરનાં ભાવનગર રોડ પર આવેલા ગંજીવાડા શેરી નં.૨૦ માં સહેઝાદ પાન પાસે રહેતા અને મૂળ રાજકોટ તાલુકાનાં ઉમરાળી ગામના વતની ડાયબેન ડાયાભાઇ પરમાર (ઉ.વ.૯૫) નામના વૃધ્ધાએ નવનિયુક્ત રાજકોટ કલેકટર અરુણ મહેશ બાબુને લેખિતમાં રજૂઆત કરી તમામ જરૂરી પુરાવા અંગેના કાગળોની કોપી રજુ કરી ન્યાય મેળવવા અપીલ કરી છે. વૃધ્ધાએ અરજીમાં જણાવ્યા પ્રમાણે ઉમરાળી ગામે સરકાર તરફથી અનુ.જાતિનાં ગરીબ જરૂરીયાત મંદ લોકોને સાંથણીમાં જમીન આપવામાં આવી છે.

જેમાં સ્વ.કરશન દેવા, અરજણ રામા, ભલા અમરા, ગોવિંદ દાના, મેઘા પોલા સહિતનાં લોકોને સાંથણીની જમીન અંગે દરખાસ્ત થઇ છે. જેમાં ડાયબેનનાં પતિ ડાયાભાઈ પરમારને પણ સાંથણીમાં જમીન આપવામાં આવી છે. પતિનાં અવસાન બાદ ડાયબેન એકલા રહેતા હોય અને રાજકોટમાં સ્થાઈ થયા હોય તે દરમ્યાન ઉમરાળી ગામે રહેતા અને રાજકીય વર્ગ ધરાવતા મળ્યા ભારે યુવરાજ સુખા ડવ નામના આહીર શખ્સે આ સાંથણીની જમીનમાં દબાણ કરી ઘરની હોટલ ઉભી કરી દબાણ કર્યું છે.

છેલ્લા ૧૫ વર્ષથી માથાભારે મનુ સુરેશ ડવએ દબાણ કર્યું હોય વૃધ્ધાએ અનેકવાર સરકારી કચેરીનાં ધક્કા ખાઈ અનેકવાર લેખિતમાં રજૂઆત કરી છે. છતાં વૃધ્ધાને કોઈ ન્યાય નહીં મળતા અને દબાણ દૂર નહીં થતા વૃધ્ધા ડાયબેન પરમારે ગઈકાલે નવનિયુક્ત રાજકોટ જીલ્લા કલેકટર અરુણ મહેશ બાબુને લેખિતમાં રજૂઆત કરી દબાણ હટાવી વૃધ્ધાને ન્યાય અપાવવાની માંગ કરી છે.

### ભૂમાફિયાઓને ભુ પાનારા રાજકોટ પોલીસ વૃધ્ધાને વ્હારે કેમ ન આવી??

ઉમરાળી ગમે અનુ.જાતિનાં વિધવા વૃધ્ધા ડાયબેન ડાયાભાઈ પરમારને સાંથણીમાં મળેલી જમીનમાં રાજકીય વર્ગ ધરાવતા માથાભારે શખ્સોએ દબાણ કરી હોટલ ઉભી કરી નામી હોવાની કલેકટર તંત્રમાં લેખિતમાં ફરિયાદ કર્યા બાદ ગઈ તા. ૧૫/૪/૨૦૨૧ નાં રોજ રાજકોટ તાલુકા મામલતદારે લેખિતમાં પત્ર પાઠવી શહેર પોલીસ કમિશનરને ઉમરાળી ગામે ગેરકાયદેસર દબાણ હટાવવા બાબતે પત્ર પાઠવ્યો હતો. તેમ છતાં રાજકોટમાં ભૂતકાળમાં અનેક ભૂમાફિયાઓને ભોભીતર કરનાર રાજકોટ પોલીસ આ ઉમરાળી ગામનું દબાણ હટાવવા સમક્ષ બની ન હતી અને વૃધ્ધાની સાંથણીની જમીનમાં દબાણ હટાવી નહીં સકતા રાજકોટ પોલીસ પણ વૃધ્ધાને ન્યાય અપાવી શકી ન હોતી ત્યારે એક વાતએ છે કે રાજકોટ પોલીસ કરતા રાજકીય વર્ગ ધરાવતા લોકો ગમે ત્યારે ગમે તે ગેરકાયદે કાર્ય કરો તો તેના વાળ પણ વાંકો થતો ન હોય તેવી પ્રતીતિ થઇ રહી છે.

## આજીડેમ ચોકડીની બ્રિજની દિવાલ તુટવા મામલે કન્સલ્ટન્ટનાં આગોતરા જામીન મંજુર

### એક વર્ષ પૂર્વે દિવાલ તૂટતા બે લોકોનાં મૃત્યુ થયા હતું : તુટી ગયેલી દિવાલનું રિપેરીંગ ન થતા કલેકટર સહિતના તંત્રને મરામત કરવા કોર્ટની તાકીદ

(સૌરાષ્ટ્ર ક્રાંતી પ્રતિનિધિ-રાજકોટ)

રાજકોટ, તા.૭

રાજકોટના આજીડેમ ચોકડી - ગોંડલ તરફ જતા હાઈવે પર બ્રિજની દિવાલ ધસી પડતા બે લોકોના મૃત્યુ થવાના કિસ્સામાં નોંધાયેલ સાપરાધ મનુષ્ય વધની ફરીયાદમાં એન.એચ.એ.આઈ.ના મુખ્ય કન્સલ્ટન્ટના આગોતરા જામીન સેશન્સ અદાલત દ્વારા મંજુર કરવામાં આવ્યા છે.

(નેશનલ હાઈવે ઓથોરીટી ઓફ ઈન્ડિયા) ના પ્રોજેકટ ડિરેકટર પંકજકુમાર રોયનાઓએ આજીડેમ પોલીસ સ્ટેશનમાં પોતાની ફરીયાદમાં જણાવેલ હતુ કે, ગુન્હાહિત કૃત્ય માટે આરોપીઓએ એકબીજાને મદદગારી કરી આજીડેમ ચોકડી રાજકોટથી ગોંડલ ચોકડી રાજકોટ તરફ જતા સર્વિસ રોડની દિવાલની ડીઝાઈન અસુરક્ષીત અને ખામીયુક્ત રીતે તૈયાર કરી દિવાલના બાંધકામમાં નબળી ગુણવતાના મટીરીયલનો ઉપયોગ કરી યોગ્ય રીતે બાંધકામ નહી કરી તેમજ સમયાંતરે દિવાલનું યોગ્ય રીતે સમારકામ પણ નહી કરી જેનાથી ભવિષ્યમાં આ દિવાલ પડી જાય અને કોઈ મોટી દુધર્ટના સર્જાય અને તેનાથી માણસોના મોત નિપજે તેવી જાણકારી હોવા છતાં ઓવરબ્રિજની દિવાલનું નબળા પ્રકારનું હલ્કી ગુણવતાનું ક્ષતિવાળુ બાંધકામ અને ડીઝાઈન તૈયાર કરેલ. જેનાથી આ દિવાલ પડી જવાના કારણે (૧) વિજયભાઈ કરણભાઈ વિરડા અને (૨) ભુપતભાઈ નાથાભાઈ મીયાત્રાનાઓના મૃત્યુ નિપજતા સાપરાધ મનુષ્યવધ માટે તમામ લોકોને જવાબદારી ગણી ફરીયાદ દાખલ કરાવેલ હતી. જે ફરીયાદના કામે તપાસ દરમ્યાન

(અનુ.પાના નં.૪ ઉપર)

## રાજકોટ તાલુકાના ભાજપના પૂર્વ ઉપપ્રમુખ 'આપ'માં જોડાશે

### વિજય દેસાઇ ભાજપ છોડી અપક્ષમાંથી તાલુકા પંચાયત ચૂંટણી લડયા હતા



(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ, તા.૭

આમ આદમી પાર્ટીમાં ઇશુદાન ગઢવી, મહેશ સવાણી, પ્રવિણ રામ સહિતના રાજકીય અને બિનરાજકીય લોકો મોટી સંખ્યામાં જોડાતા અન્ય રાજકીય પક્ષોમાં ચહલ પહલ મચી જવા પામી છે. રાજકોટ તાલુકા ભાજપના પૂર્વ ઉપપ્રમુખ વિજયભાઇ દેસાઇએ ભાજપના નેતાઓને કામગીરીને લઇને નારાજ થઇ ખારચીયા અને કાળીપાટની બેઠક પરથી તાલુકા પંચાયતની ચૂંટણી અપક્ષમાંથી લડેલા હતા. વિજયભાઇ દેસાઇએ જણાવયું હતું કે, હું ભાજપમાં ખુબ જ વફાદારી સાથે કામ કર્યુ હતું. પાર્ટીએ મને આપેલી જવાબદારી સારી રીતે નીભાવી હતી. પણ ભાજપની નેતાગીરીના વલણ અને વફાદારો પ્રત્યે અવગણનાની વૃતિને કારણે ભાજપ છોડવાનું નક્કી કર્યુ હતું. ત્યારબાદ રાજકોટ તાલુકા પંચાયતની ચૂંટણી અપક્ષમાંથી લડયો હતો. આજે સાંજે વિધિવત રીતે આમ આદમી પાર્ટીમાં જોડાવાનો છું. લોકોની સેવા માટે હંમેશા રાત-દિવસ કામ કરતો રહીશ તેવી ખાત્રી આપું છું.

### રાજકોટ એઇમ્સમાં ૨૪ બિલ્ડીંગનું કામ તેજગતિમાં

## દર્દીઓને અવર-જવર માટે ઇલેકટ્રીક વાહનોની સુવિધા મળશે

### ખંઢેરીથી એઇમ્સ સુધીનો રોડ ડેવલપ કરાશે, ઠેર-ઠેર શૌચાલયની સુવિધા ઉભી કરાશે

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ, તા.૭

રાજકોટ નજીક જામનગર રોડ પર આવેલા ખંઢેરી ગામ પાસે ૨૦૦ એકર જમીનમાં એઇમ્સ બનાવવાની કામગીરી જોરશોરથી ચાલી રહી છે. અંદાજે રૂ.૧૨૫૦ કરોડના ખર્ચે ૭૫૦ બેડની બનનારી આ એઇમ્સનું કામ આગમી ૪ વર્ષમાં પુરૂ કરવામાં આવશે. આગામી ડિસેમ્બરમાં ઓપીડી વિભાગ શરૂ કરવામાં આવનાર છે. એઇમ્સના ડે. ડાયરેકટર શ્રમદિપ સિંહાએ એઇમ્સ અંગેની માહિતી આપતા જણાવ્યું હતું કે, ખંઢેરી રેલ્વે સ્ટેશન ડેવલોપ કરવામાં આવશે.

માળખાકિય સુવિધા ઉભી કરવા તંત્રનો સહયોગ જરૂરી છે. ૭૨ ફેકલ્ટીની નિમણૂંકની કાર્યવાહી કરવામાં આવી રહી છે. બાંધકામ માટેની ટેન્ડર પ્રક્રિયા હાથ ધરવામાં આવી છે. ખંઢેરીથી એઇમ્સ સુધીનો રોડ ડેવલોપ કરવામાં આવશે. એઇમ્સમાં આવનાર દર્દીઓને એક બિલ્ડીંગથી બીજા બિલ્ડીંગમાં જવા માટે અંતર થાય છે. તે માટે ઇલેકટ્રીક વાહનો મુકવામાં આવશે.

જેથી કરીને દર્દીઓને કોઇ મુશ્કેલીઓ ન પડે છે. હાલમાં ૨૪ બિલ્ડીંગનું નિર્માણ ચાલી રહયું છે. એઇમ્સમાં સારવાર માટે બહારગામથી આવતા દર્દીઓ તેમજ પરીવારજનોને વાહન વ્યવસ્થા મળી રહે તે માટે ટ્રેન અને એસટીની સુવિધા વધારવામાં આવશે. એઇમ્સમાં નીરો સર્જરી, હાર્ટ સર્જરી, બાયપાની રીપ્લેસમેન્ટ, પેડીયાટ્રીક સર્જરી, ટ્રાન્સપ્લાન્ટ, કેન્સર સર્જરી જેવી આરોગ્ય સેવાઓનો લાભ મળશે. આ એઇમ્સના કારણે સૌરાષ્ટ્રના ૧૨ જિલ્લાના દર્દીઓને આરોગ્ય સેવાઓનો લાભ મળશે. જેમાં રાજકોટ, મોરબી, જામનગર, સુરેન્દ્રનગર, પોરબંદર, દ્વારકા, જુનાગઢ, ગીર-સોમનાથ, અમરેલી, બોટાદ, ભાવનગર અને કચ્છ જિલ્લાનો સમાવેશ થાય છે.

### આવતીકાલે મુખ્યમંત્રી વિજય રૂપાણીના નિવાસ સ્થાને મીટિંગ

## રાજકોટમાં અડધો ડઝન સુચિત સોસાયટીની સમીક્ષા બેઠક

### ૧૬૭ મંજુર, ૬નો નિર્ણય બાકી અને ૫ નવી સુચિત સોસાયટીની દરખાસ્ત મોકલાવાઇ



(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ, તા.૭

આવતીકાલે રાજયના મુખ્યમંત્રી વિજયભાઇ રૂપાણીના નિવાસ સ્થાને રાજયભરમાં આવેલી સુચિત સોસાયટી અંગે મીટિંગ મળનાર છે. આ મીટિંગમાં રાજયના કલેકટરો, શહેરી વિકાસ સચિવ સહિતના ઉચ્ચ અધિકારીઓ ઉપસ્થિત રહેનાર હોવાનું રાજકોટ વિધાનસભા-૭૦નાં ધારાસભ્ય ગોવિંદભાઇ પટેલે જણાવ્યું હતું. વધુ વિગત આપતા જણાવ્યું હતું કે, રાજયમાં સુચિત સોસાયટીને રેગ્યુલાઇઝ કરવા માટેની કામગીરીની સમીક્ષા બેઠક મળનાર છે. રાજય સરકાર સુચિત સોસાયટી રેગ્યુલર કરવાની કામગીરી વેગવંતી બનાવી છે. સુચિત સોસાયટીને રેગ્યુલર કરવાની કામગીરીની પ્રક્રિયા ૨૫ થી ૩૦ ટકા થઇ છે. જયારે ૭૦ ટકા કામગીરી બાકી છે. અધુરી કામગીરીને પુર્ણ કરવા માટે આવતીકાલે મુખ્યમંત્રી વિજયભાઇ રૂપાણીના અધ્યસ્થાને મીટીંગ બોલાવવામાં આવી છે. રાજકોટમાં કુલ ૧૬૭ સુચિત સોસાયટીને રેગ્યુલર કરવામાં આવી છે. ૬ સોસાયટી અંગે નિર્ણય બાકી છે. જયારે નવી ૫ સોસાયટીઓ જેવી કે, શ્યામ પાર્ક-૨, ન્યુ ગોપ વંદના, શ્રધ્ધા પાર્ક સોસાયટીમાં આવેલી ૪ સોસાયટીઓ રંગીલા અને ન્યુ પારસ સોસાયટીની દરખાસ્ત મોકલવામાં આવી છે. આવતીકાલે મુખ્યમંત્રી વિજયભાઇ રૂપાણીના નિવાસ સ્થાને યોજાનારી મીટીંગમાં રાજકોટમાંથી વિધાનસભા-૭૦નાં ધારાસભ્ય ગોવિંદભાઇ પટેલ ઉપસ્થિત રહેનાર છે.



## ખાનગી શિક્ષણ સંસ્થાઓ પ્રત્યેનો મોહ ભંગ શા માટે થયો?

**વધુને વધુ ફીની સતત વધતી લાલસા, શિક્ષણની ગુણવતાનો ઘસારો કારણભુત, એક સમયે ઉત્તમ શિક્ષણનો મુદ્રા લેખ ગણાતી ખાનગી શાળાઓને લાલચનો ગુણો, વાલીઓ હવે વિદ્યાર્થીઓને ખાનગી શાળાઓમાંથી ખસેડી સરકારી શાળાઓમાં મોકલી રહયા છે, અમદાવાદથી નવતર પ્રવાહનો પ્રારંભ, ખાનગી સ્કૂલના સંચાલકો માટે સુધરવાની છેલ્લી તક, શું ખાનગી સ્કૂલના સંચાલકો સરકારના ધારા ધોરણોને માન આપવાનું સૌજન્ય બતાવશે?**

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

(અસલમ ફારૂક)

રાજકોટ, તા.૭

એક જમાનો એવો હતો કે, ખાનગી શિક્ષણ સંસ્થાઓનો સુરજ મધ્યાહે તપતો હતો અને ભારે બોલબાલા હતી. રાજકોટ હોય કે અમદાવાદ જેવા મહાનગરથી માંડીને નાના શહેરો સુધીના વાલીઓમાં સંતાનોને કોઇપણ ભોગે ખાનગી શાળાઓમાં એડમીશન અપાવવાની તાલાવેલી રહેતી હતી અને ખાનગી સંસ્થાઓ ભણી રીતસરનો સુનામી ટાઇપ ધસારો રહેતો હતો. દર વર્ષે એટલી મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓનો ધસારો રહેતો હતો કે, વર્ગો હાઉસફુલ થઇ જતા હતા અને સેંકડો વિદ્યાર્થીઓને એડમીશનની ના કહેવી પડતી હતી. સામાન્ય રીતે એ સમયે વાલી વર્ગમાં એવી છાપ હતી કે, સરકારી શાળાઓમાં શિક્ષણની ગુણવતા અત્યંત નિમ્મન સ્તરની બની ગઇ છે. એટલે બાળકોનું ભવિષ્ય સુધારવું હોય તો શ્રેષ્ઠ શિક્ષણ આપતી ખાનગી શાળાઓમાં જ દાખલ કરવા જ જોઇએ. પાછલા કેટલાય દાયકાઓ સુધી આ પ્રવાહ નિરંતર ચાલતો રહયો છે અને ખાનગી શિક્ષણ સંસ્થાઓની તિજોરીઓ છલકાતી રહી છે. સમય જતાં ખાનગી સ્કુલના સંચાલકો વાલી અને વિદ્યાર્થીગણની મજબુરી સમજીને સરસ્વતી ભુલી લક્ષ્મી તરફ વધુ ધ્યાન આપવા લાગ્યા. પરીણામ અપેક્ષા મુજબનું રહયું ખાનગી સ્કૂલના શિક્ષણમાં ધીમેધીમે ધસારો શરૂ થઇ ગયો. એટલુ જ નહીં સૌથી ગંભીર પરીવર્તન એ આવ્યું કે, ખુદ શાળા સંચાલકો અભ્યાસ કેન્દ્રી બનવાને બદલે કલદાર કેન્દ્રી બનતા ગયા અને ત્યાં થી વાલી અને વિદ્યાર્થીઓની સમસ્યાઓ શરૂ થઇ ગઇ.

કોરોના કાળ બાદ તો એવી ઘટનાઓ બની કે વાલીઓની આંખ આશ્ચર્યથી પહોળી અને પહોળી જ થતી ગઇ. વિદ્યાર્થીઓના બગડતા સમય અને શિક્ષણ પરવાહ કરવાને બદલે અને બગડી ગયેલા સમયને રીકવર કરવાને બદલે ખાનગી સ્કૂલના સંચાલકોએ ફીના દર આશમાને પહોંચાડી દીધા એટલું જ નહીં ખુદ સરકારના આદેશોની ધોર અવગણના કરીને માત્ર ફી અને ફી પર જ ધ્યાન આપવાનું ચાલુ કરી વિદ્યાર્થીઓના ભવિષ્યને અંધારામાં ધકેલી દીધુ અને વાલીઓ સ્તભધ્ધ થઇને જોતા રહયા.રાજય સરકાર ખુદ જયારે કહેતી હોય કોરોના કાળમાં વિદ્યાર્થીઓને અને એમના પરીવારોને આર્થીક રીતે સહન કરવું પડયું હોવાથી ફી માટે દબાણ કરવામાં ન આવે અને મોંઘીદાટ ફીમાં ૨૫ ટકા જેવો ઘટાડો પણ કરવામાં આવે. પરંતુ શિક્ષણની દુનિયામાં સ્થાપિત હિત બની ગયેલા અને રૂપિયાની રેલમ છેલમથી જેમના આંખ અને કાન બંધ થઇ ગયા છે એવા ખાનગી સ્કૂલ સંચાલકોને રાજય સરકારોની અપીલ પણ સંભળાઇ નહીં ઉલતુ એમણે વાલીઓ સાથે દબાણની નીતિ અપનાવવાનું શરૂ કર્યુ જે પ્રક્રિયા હજી પણ યથાવત છે. હદ તો ત્યાં થઇ કે, કોરોના મહાકાળ દરમ્યાન ઓનલાઇન શિક્ષણ આપવાનો ખુદ શિક્ષણ વિભાગે તમામ શાળા કોલેજોને સ્પષ્ટ આદેશ આપ્યો હોવા છતાં ફાટીને ધુમાડે ગયેલા ખાનગી સ્કૂલ વાળાઓએ ફી ભરી ન શકનાર વિદ્યાર્થીઓનું ઓનલાઇન શિક્ષણ જ બંધ કરી દીધુ. શિક્ષણ જગત માટે લાંછન રૂપ આવી ઘટનાઓ ગુજરાતે અગાઉ કદી જોઇ નહોતી.

હવે રહી રહીને વાલીઓની પણ આંખ ઉઘડી રહી છે કેમ કે, ફી અને અન્ય જાતજાતના તથા ભાતભાતના ચાર્જ લગાડીને માત્ર રૂપિયાના થેલા ભરવા તરફ ધ્યાન કેન્દ્રીત કરનારા ખાનગી શાળાઓ વાળા શિક્ષણની ગુણવતા આપવાનું ભુલી ગયા અને તેનો સૌથી મોટામાં મોટો ગુણ તેનો અવગુણ બની ગયો. હવે વાલીઓ સમજી ચુકયા છે અને

(અનુ.પાના નં.૪ ઉપર)

## શહેરમાં આજે બપોર સુધીમાં ૧ પોઝિટિવ કેસ નોંધાયો

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ, તા.૭

રાજકોટમાં કોરોના કેસની સંખ્યામાં ધરખમ ઘટાડો નોંધાયો છે. આજે બપોર સુધીમાં ૧ એક કેસ નોંધાયો છે. શહેરમાં કુલ કેસની સંખ્યા ૪૨૭૪૯ પર પહોંચી છે. જયારે અત્યાર સુધીમાં કુલ ૪૨૧૯૫ લોકોને ડિસ્ચાર્જ આપવામાં આવ્યો છે. રિકવરી રેઇટ ૯૮.૭૦ ટકા અને પોઝિટિવિટી રેઇટ ૩.૫૪ ટકા નોંધાયો છે. અત્યાર સુધીમાં શહેરમાં ૧૨૦૮૧૯૧ લોકોના ટેસ્ટ કરવામાં આવ્યા છે.



સોનલ કેટરર્સ

શુધ્ધ, સાત્વિક ભોજન ટીફીન સર્વિસ
બપોરે તેમજ સાંજે ટીફીન મોકલી આપશું.

૬ રોટલી, દાળ-ભાત, શાક, છાશ, સલાડ

સંપર્કઃ મો.૯૮૨૪૮ ૦૦૨૫૯, ૯૬૮૭૪ ૫૯૧૮૨, ૯૯૯૮૬ ૧૧૧૭૮



લગ્ન પ્રસંગે કેટરર્સ સુવિધા આપીશું.

સોનલ પાઉંભાજી, આસ્થા ચોક, રેલનગર, રાજકોટ.

SAURASHTRA KRANTI (DAILY EVENING) Editor, Printer Publisher & Owner : GADHAVI ASHOK MULUBHA, Place of Publication : SAURASHTRA KRANTI KARYALAYA 125, STAR CHAMBER, HARIHAR CHOWK, PANCHNATH PLOT, RAJKOT-360001,ph.No.(0281) 2222306 Printed at: SAURASHTRA PRINTERY, PRAYAG INDUSTRIES PARK, RUDANAGAR, ANANDPAR (NAVAGAM) DIST. RAJKOT-360003 GUJARAT.